## સુવિચાર

સંસ્કાર વગરની સંપતિ આવે ત્યારે
સાચી ભૂખ અને ઉંઘ ચાલી જાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-230 ■ DATE : 10-01-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI





રાજકોટ રેસકોર્ષ મેદાનના આકાશમાં પતંગોની રંગોળી રચાઇ P-4




# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સોમનાથ અને કાલે રાજકોટમાં

## સાંજે રાજકોટ એરપોર્ટ પર આગમન બાદ સીધા હેલીકોપ્ટરમાં સોમનાથ જશેઃ સોમનાથમાં ઓમકાર મંત્ર જાપ, ડ્રોન શો નિહાળશેઃ કાલે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું ઉદઘાટન કરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ૧૦ જાન્યુઆરીએ સાંજે બપોરે ૪.૩૦ કલાકે રાજકોટ એરપોર્ટ પર પહોંચશે. ત્યાંથી હેલિકોપ્ટર થી સોમનાથ પહોંચશે અને રાત્રે લગભગ ૮ વાગ્યે ઓમકાર મંત્ર જાપમાં ભાગ લેશે, ત્યારબાદ તેઓ સોમનાથ મંદિરમાં ડ્રોન શો નિહાળશે.

૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૯:૪૫ વાગ્યે, પ્રધાનમંત્રી શૌર્ય યાત્રામાં ભાગ લેશે, જે સોમનાથ મંદિરની રક્ષા માટે પોતાના પ્રાણનું બલિદાન આપનારા અસંખ્ય યોદ્ધાઓના સન્માનમાં આયોજિત એક ઔપચારિક શોભાયાત્રા છે.

શૌર્ય યાત્રામાં ૧૦૮ ઘોડાઓની પ્રતીકાત્મક શોભાયાત્રા હશે, જે બહાદુરી અને બલિદાનને પ્રતિબિંબિત કરશે. ત્યારબાદ, સવારે ૧૦:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરશે. સવારે ૧૧ વાગ્યે, પ્રધાનમંત્રી સોમનાથમાં એક જાહેર કાર્યક્રમમાં ભાગ લેશે અને સંબોધન કરશે.







બપોરે, પ્રધાનમંત્રી કચ્છ અને સૌરાષ્ટ્ર ક્ષેત્ર માટે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ભાગ લેવા રાજકોટ પહોંચશે. બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે, તેઓ કોન્ફરન્સમાં ટ્રેડ શોનું ઉદઘાટન કરશે. ત્યારબાદ, બપોરે લગભગ ૨ વાગ્યે, પ્રધાનમંત્રી મારવાડી યુનિવર્સિટી, રાજકોટ ખાતે કચ્છ અને સૌરાષ્ટ ક્ષેત્ર માટે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું ઉદઘાટન કરશે. તેઓ આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે.

આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી ૧૪ ગ્રીનફિલ્ડ સ્માર્ટ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ એસ્ટેટના વિકાસની જાહેરાત પણ કરશે અને રાજકોટ ખાતે ના મેડિકલ ડિવાઈસ પાર્કનું ઉદઘાટન કરશે.

વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશના ૧૨ જિલ્લાઓમાં યોજાઈ રહી છે. ફક્ત આ પ્રદેશોને સમર્પિત, આ પરિષદનો ઉદ્દેશ્ય પશ્ચિમ ગુજરાતમાં રોકાણ અને ઔદ્યોગિક વિકાસ માટે નવી ગતિ લાવવાનો છે.

પરિષદના મુખ્ય ક્ષેત્રોમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, મત્સ્યઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા, ખનિજો, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ, , પ્રવાસન અને સંસ્કૃતિ વગેરેનો સમાવેશ થાય છે.

જાપાન, દક્ષિણ કોરિયા, રવાન્ડા અને યુક્રેન આ પરિષદના ભાગીદાર દેશો હશે. રાજકોટથી, પ્રધાનમંત્રી અમદાવાદ જશે. મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન પર સાંજે લગભગ ૫:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી સેક્ટર ૧૦અ થી મહાત્મા મંદિર સુધીના અમદાવાદ મેટ્રોના બીજા તબક્કાના બાકીના ભાગનું ઉદઘાટન કરશે.

૧૨ જાન્યુઆરીના રોજ, પ્રધાનમંત્રી અમદાવાદમાં જર્મનીના ફેડરલ ચાન્સેલર, ફ્રેડરિક મેર્ઝને મળશે. સવારે લગભગ ૯:૩૦ વાગ્યે, બંને નેતાઓ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે, ત્યારબાદ સવારે ૧૦ વાગ્યે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેશે.

આ પછી સવારે ૧૧:૧૫ વાગ્યાથી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે દ્વિપક્ષીય ચર્ચા થશે, જ્યાં પ્રધાનમંત્રી અને જર્મન ચાન્સેલર ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે, જેને તાજેતરમાં ૨૫ વર્ષ પૂર્ણ થયા છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૬૭/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૩૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |





| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૪૦,૫૧૦ | ₹૨,૬૦,૦૦૦ |
| | +૧૧૫૦ | +૧૧૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૨૭ | ₹૧૨૦.૯૦ |

# ઈરાનમાં સતત વિરોધ પ્રદર્શન વચ્ચે ૨૧૭ના મોત

## આયાતુલ્લાહ અલી ખામેનીએ ટ્રમ્પ પર કર્યા આકરા પ્રહારોઃ યુએસ રાષ્ટ્રપતિના હાથ ઈરાનીઓના લોહીથી રંગાયેલા છે



**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈરાનમાં ફુગાવા, ઘટી રહેલા ચલણ અને આર્થિક સંકટ સામે જાહેર ગુસ્સો ચાલુ છે, જેના કારણે સતત વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આનાથી આંતરરાષ્ટ્રીય રાજકીય ઉથલપાથલ ફેલાઈ છે. દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો વચ્ચે, ઈરાને કડક કાર્યવાહીનો સંકેત આપ્યો છે, જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ખુલ્લી ચેતવણીઓએ પરિસ્થિતિને વધુ વણસી છે. અમેરિકા સ્થિત હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સી અનુસાર, અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૬૨ લોકો માર્યા ગયા છે અને ૨,૩૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ટાઇમ મેગેઝિને અહેવાલ આપ્યો છે કે વિરોધીઓને ગોળી મારી દેવામાં આવી રહી છે. એક ડોક્ટરને ટાંકીને જણાવ્યું હતું કે છ હોસ્પિટલોમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૧૭ વિરોધીઓના મોત થયા છે. દરમિયાન, રાજ્ય મીડિયા વિરોધીઓને આતંકવાદી અને તોડફોડ કરનારા તરીકે લેબલ કરીને કાર્યવાહીનું વાતાવરણ બનાવવાનું ચાલુ રાખે છે.

ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીએ ટ્રમ્પ પર આકરા પ્રહારો કર્યા, અને કહ્યું કે યુએસ રાષ્ટ્રપતિના હાથ ઈરાનીઓના લોહીથી રંગાયેલા છે. આ નિવેદન જૂનમાં ઇઝરાયલ સાથેના યુદ્ધ અને તેના માટે યુએસના સમર્થનના સંદર્ભમાં આપવામાં આવ્યું હતું. રાજ્ય ટીવી પર પ્રસારિત ભાષણમાં, ખામેનીએ વિરોધીઓને નિશાન બનાવ્યા, જ્યારે તેમના સમર્થકોએ અમેરિકા મૃત્યુ ના નારા લગાવ્યા. ખામેનીએ કહ્યું કે ઇસ્લામિક રિપબ્લિક લોહી પર બનેલું છે અને દબાણ સામે ઝૂકશે નહીં. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ટ્રમ્પને ૧૯૭૯માં ઈરાનના શાહ જેવો જ ભોગવવો પડશે.

બીજી બાજુ, ટ્રમ્પે પરિસ્થિતિ અંગે ખૂબ જ આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે કહ્યું કે ઈરાન ખૂબ મોટી મુશ્કેલીમાં છે. ઈરાની સરકાર માટે શ્રેષ્ઠ રહેશે કે તે વિરોધીઓ પર ગોળીબાર શરૂ ન કરે, નહીં તો અમેરિકા પણ ગોળીબાર કરશે. ટ્રમ્પે સ્પષ્ટતા કરી કે આનો અર્થ જમીની લશ્કરી કાર્યવાહી નહીં હોય, પરંતુ ઈરાનને જ્યાં દુઃખ થાય છે ત્યાં મારવામાં આવશે. એક મુલાકાતમાં, તેમણે એવો પણ સંકેત આપ્યો કે ૮૬ વર્ષીય ખામેની દેશ છોડવાની તૈયારી કરી રહ્યા હશે.

ઈરાને વિરોધ પ્રદર્શનોને દબાવવા માટે દેશવ્યાપી ઈન્ટરનેટ શટડાઉન લાદ્યું છે. ઈન્ટરનેટ મોનિટર નેટબ્લોક્સ અને એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે આને માનવાધિકારનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું છે. એમ્નેસ્ટીના મતે, ઈન્ટરનેટ શટડાઉનનો હેતુ દુનિયામાંથી હિંસા અને મૃત્યુનું સાચું ચિત્ર છુપાવવાનો છે. નોર્વે સ્થિત ઈરાન હ્યુમન રાઈટ્સ એ અહેવાલ આપ્યો છે કે મૃતકોમાં ઓછામાં ઓછા નવ બાળકોનો સમાવેશ થાય છે.

# હિમાચલના સિરમોર જિલ્લામાં ખાનગી બસ ઉંડી ખાઈમાં ખાબકતા ૧૪ના મોત, ૫૨ ઘાયલ

### રસ્તા પર હિમ જામેલો હોઈ બસ ફસડાઇને ખાઇમાં પડી

**મુખ્ય સમાચાર, સિરમોર**

જિલ્લામાં એક ખાનગી ઓવરલોડ બસ સિરમોરના હરિપુરધાર પાસે ગઇકાલે બપોરે ૨-૪૦ વાગ્યે ૧૦૦ મીટર નીચે ઉંડી ખાઇમાં ખાબક્તા ૧૪ યાત્રીઓના મોત થયા છે, જ્યારે ૫૨ જેટલા યાત્રીઓ ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા છે.

આ બસ રહી હતી જેમાં ૬૬ જેટલા યાત્રીઓ સવાર હતા. જાણવા મળેલી વિગત મુજબ રસ્તા પર હિમ જામી થવાના કારણે બસ ફસડાઇ ગઇ હતી અને ૧૦૦ મીટર ઉંડી ખાઇમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં ડ્રાઇવર સહિત ૧૪ યાત્રીઓના મોત થયા હતા અને બાવનથી વધુ ઘાયલ થયા હતા.



આ અકસ્માતમાં બસના ફુરચે ફુરચા ઉડી ગયા છે. આ દુર્ઘટનાના કારણોની તપાસના આદેશ અપાયા છે. ૨૦૦૮માં ખરીદાયેલી આ ખાનગી બસની ફિટનેસ પુરી થવાની હતી. તેની પરમીટ ૨૦૨૮ સુધીની હતી. પોલીસના જણાવ્યા અનુસાર શુક્રવારે બપોરે જેવી બસ ધમાકા સાથે પડી તો તેની છત તૂટી ગઇ અને ઉલટી પડી ગઇ હતી.

ઘટના સ્થળે સ્થાનિક લોકોએ બસની બોડીને હાથેથી ઉઠાવીને ઘાયલ લોકોને બહાર કાઢ્યા હતા. ઘાયલોને ચાર-ચાર લોકોએ મળીને ઉઠાવ્યા હતા અને રસ્તા સુધી પહોંચાડ્યા હતા. ચારે બાજુ ઘાયલોની ચીસાચીસ મચી ગઇ હતી.

અકસ્માતની જાણ થતાં જ નાયબ કમિશ્નર અને પોલીસ અધિક્ષક એન.એસ. નેગી ઘટના સ્થળે પહોંચ્યા હતા. ડેપ્યુટી સીએમ મુકેશ અગ્નિહોત્રી હોસ્પિટલે પહોંચ્યા હતા. દુર્ઘટના પર ઉદ્યોગમંત્રી હર્ષવર્ધન ચૌહાણ, કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ વિનયકુમાર, મુખ્યમંત્રી સુખવિન્દર સુખ્ખુ, વિપક્ષી નેતા જયરામ ઠાકુરે શોક વ્યકત કર્યો છે.

# સમગ્ર સૌરાષ્ટ્રમાં બર્ફીલું વાતાવરણઃ તાપમાનનો પારો ૧૦ ડિગ્રીથી નીચે પહોંચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે પણ બર્ફીલા પવનો અને નીચુ તાપમાનનું આક્રમણ રહેવા પામ્યું હતું. સવારથી જ ઠંડા ઝડપી પવનોથી લોકો ઠુંઠવાયા હતા. ખાસ કરીને આજે દરિયાઇ વિસ્તારો કે જયાં મોટા ભાગે સામાન્ય ઠંડી હોય છે ત્યાં પણ આજે ટાઢોડુ છવાયું હતું. આજે પણ સૌથી વધુ ઠંડી નલિયા ખાતે ૬.૪ ડિગ્રી નોંધાઇ હતી. જયારે ૮.૪ ડિગ્રી સાથે અમરેલી બીજા સ્થાને રહ્યું હતું. તો રાજકોટ શહેરમાં સવારે ૧૨ કિ.મી.ની ઝડપે કાતીલ ઠંડો પવન ફુંકાયો હતો અને લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી નોંધાતા નગરજનોના હાજા ગગડી ગયા હતા. જુનાગઢ-જામનગર-ભુજમાં પણ તિવ્ર ઠંડી અને ઠંડો પવન યથાવત રહેવા પામ્યો હતો. જુનાગઢ શહેરમાં લઘુતમ તાપમાન ૧૧.૫ ડિગ્રી તથા ગિરનાર પર્વત ઉપર ૬.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. હવામાં ભેજ ૫૨ ટકા રહ્યો હતો અને પવનની ગતિ ૬.૮ કિ.મી. રહેવા પામી હતી. જયારે જામનગરમાં પોષ મહિનામાં અંતે જમાવટથી ઠંડી પડવાનું શરૂ થયું છે.

જેમાં આજે તો શિયાળાની સીઝનમાં સૌથ પ્રથમવાર લઘુતન તાપમાનનો પારો ૧૦ ડિગ્રી નોંધાયો હતો.જેને લીધે શહેરીજનોએ ઘરમાં પણ ગરમ વસ્ત્રોમાં લપેટાયા હતા. રસ્તાઓ સુમસામ સવારે ૯ વાગ્યા સુધી રહ્યા હતા. એટલું જ નહીંસૂર્યનારાયણ તાપ વચ્ચે પણ લોકોએ તાપણાનો સહારો લેવો પડે તેવુ ઠંડુ વાતાવરણ બન્યું હતું. જામનગર શહેર કોલ્ડવેરને લીધે લોકો ઠીગરાયા હતા. જામનગરમાં ઠંડીના મોજા ના કારણે જાણે કુદરતની સંચારબંધી લડાઈ હોય તેવો મ્હોલ સર્જાયો છે.

# નીતિશ કુમાર માટે ભારત રત્નની માગ કરનારા દિગ્ગજ નેતાને જેડીયુમાંથી તગેડી મૂકાયા

જેડીયુના સૂત્રોના જણાવ્યા અનુસાર, વરિષ્ઠ નેતા કેસી ત્યાગીનો પાર્ટીમાં અધ્યાય હવે સમાપ્ત થઈ ગયો છે. પાર્ટીના પ્રવક્તા રાજીવ રંજનના તાજેતરના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે જેડીયુનો હવે કે.સી. ત્યાગી સાથે કોઈ સંબંધ નથી. સૂત્રોનું માનીએ તો, પાર્ટીમાંથી તેમની વિદાય થઈ ચૂકી છે. જોકે, તેમના જૂના સંબંધોને ધ્યાનમાં રાખીને હાલમાં કોઈ ઔપચારિક કાર્યવાહી કરવામાં આવશે નહીં. રાજીવ રંજને કહ્યું હતું કે ભારત રત્નને લઈને ત્યાગીનું નિવેદન તેમનો અંગત અભિપ્રાય છે અને પાર્ટીને તેની સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે એ પણ ઉમેર્યું કે, ''ત્યાગીનો જેડીયુના મામલાઓ સાથે હવે વધુ સંબંધ નથી. તેઓ પાર્ટીમાં છે પણ કે નહીં, તે કાર્યકર્તાઓને પણ ખબર નથી.'' આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે કેસી ત્યાગીએ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર માટે ભારત રત્નની માંગ કરી હતી. રાજકીય વર્તુળોમાં આ પગલાને ''ડેમેજ કંટ્રોલ'' તરીકે જોવામાં આવી રહ્યું હતું, કારણ કે તાજેતરમાં ત્યાગી ઘણા વિવાદોમાં રહ્યા હતા અને તેમના નિવેદનોથી પાર્ટી નારાજ હતી.

# સૌરાષ્ટ્ર અને કચ્છનો ઔદ્યોગિક વિકાસ નવી ઉંચાઇને આંબશેઃ કાલથી વાઇબ્રન્ટ સમિટનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર અને કચ્છના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈ પર લઈ જવા માટે રાજ્ય સરકાર દ્વારા કાલથી રાજકોટ ખાતે મારવાડી યુનિ.ની ૫૫ એકર જગ્યા ઉપર વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ સમિટ''નું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીના હસ્તે આ સમિટનું ભવ્ય ઉધઘાટન કરવામાં આવશે. આવતીકાલે બપોરે રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે વડાપ્રધાન વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સને ખુલ્લી મૂકશે. આ પ્રસંગે ૬ વિશાળ ડોમમાં તૈયાર કરવામાં આવેલ ખાસ એક્ઝિબિશનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાનની સાથે જુદા જુદા રાષ્ટ્રોના રાજદૂતો, ૫૦૦૦ થી વધુ ઉદ્યોગ જગતના દિગ્ગજો, રોકાણકર્તાઓ અને નીતિ નિર્માતાઓ ઉપસ્થિત રહેશે.





બે દિવસના કાર્યક્રમ દરમિયાન ટ્રેડ શો અને પ્રદર્શન, કોંકલેવ, વેન્ડર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, રાઉન્ડ ટેબલ ચર્ચાઓ, નારી શક્તિ ઉધ્યોગ સંવાદ, નીતિ સંવાદો સહિતના કાર્યક્રમો યોજાશે. બ્લુ ઈકોનોમી, ડેટા સેન્ટર, હરિત વિકાસ, ઉર્જા, સિરામિક, ઓટો, મત્સ્ય ઉધ્યોગ, ટેક્સટાઇલ્સ અને પ્રવાસન, ડિફેન્સ સહિતના ક્ષેત્રોમાં રહેલી તકો પર ચર્ચા વિચારણા કરવામાં આવશે.૧૧ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન રિવર્સ બાયર સેલર મીટ, કલાકારો દ્વારા સાંસ્કળતિક પ્રસ્તુતિ, આર્ટિઝન્સ દ્વારા તેમની કલા પ્રદર્શન, ઉધમી મેળા સહિતનું આયોજન કરવામાં આવેલુ છે.

બીજી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, મત્સ્ય ઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ, ખનિજો સહિતના મુખ્ય વિકાસ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. વ્યૂહાત્મક ભાગીદારી, પોલિસી સપોર્ટ અને રોકાણકારોના સહયોગ દ્વારા, આ કાર્યક્રમનો ઉદ્દેશ ગુજરાતના પમિ પટ્ટામાં સમાવિષ્ટ વિકાસ અને ટકાઉપણું સુનિતિ કરવાની સાથે ઔદ્યોગીક વિકાસને વેગ આપવાનો છે.

# નવા નાણાકીય વર્ષનું સામાન્ય બજેટ ૧ ફેબ્રુઆરી રવિવારે રજૂ થશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રમાં મોદી સરકાર ૨૦૨૬નું સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહી છે. તારીખ જાહેર કરવામાં આવી છે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આ જાહેરાત કરી. તેમણે જણાવ્યું કે ૨૦૨૬નું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરી, બુધવારથી શરૂ થશે અને ૨ એપ્રિલ સુધી ચાલુ રહેશે. તેમણે આ માહિતી સોશિયલ મીડિયા પોસ્ટમાં શેર કરી.

તેમણે જણાવ્યું કે બજેટ સત્ર બે તબક્કામાં યોજાશે. પહેલો તબક્કો ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે અને ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. બીજો તબક્કો ૯ માર્ચથી શરૂ થશે અને ૨ એપ્રિલ સુધી ચાલુ રહેશે. પોસ્ટ શેર કરતા કિરેન રિજિજુએ લખ્યું કે, ભારત સરકારની ભલામણ પર, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૨૦૨૬ ના બજેટ સત્ર માટે સંસદના બંને ગૃહો બોલાવવાને મંજૂરી આપી છે. રાષ્ટ્રપતિનું ભાષણ ૨૮ જાન્યુઆરીએ આપવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ગુરુવાર, ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ આર્થિક સર્વે રજૂ કરશે. ત્યારબાદ, બંને ગૃહો શનિવારે પણ મુલતવી રાખવામાં આવશે.

૨૦૨૬ નું સામાન્ય બજેટ રવિવાર, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રજૂ કરવામાં આવશે. રાષ્ટ્રપતિના ભાષણ અને ૨૦૨૬ ના સામાન્ય બજેટ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા પછી, સંસદ ૧૩ ફેબ્રુઆરીએ મુલતવી રાખવામાં આવશે. ત્યારબાદ બંને ગૃહો ૯ માર્ચે ફરી મળશે અને ૨ એપ્રિલ સુધી ચાલુ રહેશે. સંસદનું ૨૦૨૬નું બજેટ સત્ર સામાન્ય રીતે બે ભાગમાં વહેંચાયેલું હોય છે, જેમાં સ્થાયી સમિતિઓ વિવિધ મંત્રાલયો પાસેથી અનુદાનની માંગણીઓની તપાસ કરી શકે તે માટે વચ્ચે વિરામ હોય છે. સંસદના ૨૦૨૫ના શિયાળુ સત્રની જેમ, ૨૦૨૬ના બજેટ સત્રમાં પણ ઘણા કાયદા રજૂ થવાની અથવા ચર્ચા થવાની અપેક્ષા છે.

અહેવાલો અનુસાર, ભારત આ વર્ષે ફેબ્રુઆરીમાં રાષ્ટ્રીય રાજધાનીમાં ઈમ્પેક્ટ સમિટનું પણ આયોજન કરશે, જેનું ઉદ્ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદી કરશે. ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી પરની સ્થાયી સમિતિના વડા નિશિકાંત દુબેએ ને જણાવ્યું હતું કે તેઓ સરકારને ભલામણો કરશે, અને આ અહેવાલ સંસદના બજેટ સત્રમાં રજૂ કરવામાં આવશે. તેમણે વધુમાં સમજાવ્યું કે ઘણા દેશોએ કૃત્રિમ બુદ્ધિમત્તા અંગે નિયમો ઘડ્યા છે. અમારી સમિતિ પણ અંગે ચિંતિત છે. વડા પ્રધાને એક મોટી પહેલ કરી છે. તેમણે વિશ્વ સમિટની સહ-અધ્યક્ષતા કરી હતી. અહીં એક બેઠક યોજાશે, તેથી અમે તે પહેલાં એક બેઠક બોલાવી છે.

# જામનગરના શિવાલયોમાં "સોમનાથ સ્વાભિમાન પર્વ"ની ભવ્ય ઉજવણી





**મુખ્ય સમાચાર, જામનગર**

મહમૂદ ગઝનવી દ્વારા સોમનાથ પર ૧૦૨૬માં કરવામાં આવેલા પ્રથમ આક્રમણના હજાર વર્ષ પૂર્ણ થયા છે. આજે એક હજાર વર્ષ પછી પણ સોમનાથ મંદિર પૂરા ગૌરવ સાથે અડીખમ ઊભું છે. આ સાથે જ ૨૦૨૬માં સોમનાથ મંદિરના પુનર્નિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના છે. ૧૧ મે ૧૯૫૧ના રોજ આ ભવ્ય મંદિરનું પુનર્નિર્માણ સંપન્ન થયું હતું અને ફરી ભક્તો માટે ખુલ્યું હતું. આ સીમાચિહ્નરૂપ ઘટનાને વધુ વિશેષ બનાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦-૧૧ જાન્યુઆરીએ સોમનાથની મુલાકાત લેશે અને સોમનાથ સ્વાભિમાન પર્વમાં હાજરી આપશે.

અખંડ ઓમકાર નાદથી સોમનાથ સ્વાભિમાન પર્વની શરૂઆત તા. ૮ જાન્યુઆરીથી ૭૨ કલાકના અખંડ ઓમકાર નાદ સાથે કરવામાં આવી છે. જેમાં જામનગર જિલ્લાના શિવાલયોમાં ૭૨ કલાક સુધી અખંડ મંત્રોચ્ચાર ઉપરાંત સત્સંગ અને મહાઆરતીઓનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.જામનગરના ઈવાપાર્કમાં આવેલ સોમનાથ મંદિરમાં આજે સાંજના સમયે દિવ્ય દીપોત્સવ અને મહા આરતીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે મંદિરને વિશેષ રૂપે ફૂલો, દીવો, રંગબેરંગી લાઈટોથી સુશોભિત કરવામાં આવ્યું હતું, જેના કારણે સમગ્ર મંદિર પરિસર આધ્યાત્મિક તેજથી ઝળહળી ઉઠ્યું હતું.કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ મહાઆરતી રહ્યું, જેમાં વૈદિક મંત્રોચ્ચાર, શંખનાદ, અને ભક્તિભાવથી અધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. આસપાસના વિસ્તારોમાંથી વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. હર હર મહાદેવના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ઉપરાંત ભક્તો હાથમાં દીવડા લઈને આરતીમાં સહભાગી થયા હતા. જેમાં અગ્રણી બીનાબેન કોઠારી, કોર્પોરેટરઓ, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે, સોમનાથ મંદિર બાર જ્યોતિર્લિંગોમાં પ્રથમ સ્થાન ધરાવે છે અને પુરાણો તથા ભારતીય ઈતિહાસમાં વિશિષ્ટ મહત્વ ધરાવે છે. ઈતિહાસ સાક્ષી છે કે સોમનાથ મંદિર પર આક્રમણો થયા હોવા છતાં મંદિરની આસ્થા અને આધ્યાત્મિક ચેતના અડગ રહી છે. સોમનાથ મહાદેવ મંદિર આજે માત્ર ધાર્મિક સ્થળ નથી રહ્યું, પરંતુ તે ભારતના સ્વાભિમાન, સંસ્કૃતિ અને અડગ આત્મવિશ્વાસનું પ્રતિક બની ગયું છે. હજારો વર્ષના આક્રમણો, વિનાશ અને સંઘર્ષ બાદ પણ પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે અડીખમ ઉભેલું સોમનાથ આજે વિશ્વને ભારતની સાંસ્કૃતિક શક્તિનો પરિચય કરાવે છે. આ ગૌરવસભર ઈતિહાસને નવી ઊંચાઈ આપતું સોમનાથ સ્વાભિમાન પર્વ તા. ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન ભવ્ય રીતે ઉજવાઈ રહ્યું છે.

### ભ્રષ્ટાચારની તિરાડ

# ગીર ગઢડાથી સનવાવ જતા રસ્તામાં ભ્રષ્ટાચાર થયો હોવાની બૂમ

### માત્ર ત્રણ દિવસ પહેલા શરૂ થયેલો અને લાખોના ખર્ચે તૈયાર થયેલા ગીર ગઢડા થી સનવાવ જતા રોડ પર તિરાડો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગીર ગઢડા પંથકમાં વિકાસના કામો થઈ રહ્યા છે જેમાં અલગ અલગ કોન્ટેક્ટરોને ટેન્ડર પ્રતિક્રિયા થઈ અને કામ આપવામાં આવે છે અને તે સારી ગુણવત્તાનું કામ થાય તે માટે ચકાસણી કરવા અધિકારી આવે છે પણ આમ લોકો મફત જાણવા મળ્યું છે કે ત્યાં ટકાવારીનો ખેલ જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી ભ્રષ્ટાચારની બોલબાલા રહેશે તેવું હાલ લોકોનું કહેવું છે અંદર બેઠેલા સરકારી બાબુઓ માત્ર ને માત્ર પોતાના ખિસ્સા કઈ રીતે ભરાય તેમજ રસ હોય છે તેવું જ અહીં જોવા મળી રહ્યું છે ક્યાંક ને ક્યાંક ગીર ગઢડા થી સનવા જતા રોડ ઉપર મસ્ત મોટી પીરાડો પડી છે જેને કારણે સામાજિક આગેવાનો બહાર આવ્યા છે અને કાર્યકર્તાઓ બહાર આવ્યા છે ખુલ્લું કહે છે તેમાં ભ્રષ્ટાચાર થયો હોવાની બૂમ પાડી રહ્યા છે જો આવું થયું હોય તો શરમજનક છે હાલ રોડ ખુલ્લો કરવામાં આવ્યો છે તેને પણ ત્રણ દિવસ થયા છે ને માત્ર ત્રણ દિવસમાં જ આ રોડ પર તિરાડો પડી છે હજી કોઈ ભારી વાહન નીકળે ત્યારે રોડ નીચે પડે તેવી પરિસ્થિતિ હાલ જોવા મળી છે જ્યારે કોન્ટ્રાક્ટરને ફોન કરવામાં આવ્યો ત્યારે તેઓ કહે છે હું તપાસ કરાવી લઉં તેવું કહીને તે છૂટી જાય છે આ ભ્રષ્ટાચાર ની તટસ્થ તપાસ થાય તેવી હાલ લોકોની માંગ છે અને આવા રોડનું જો બિલ પાસ થાય પણ સરકારી બાબોની મીલીભગત જોવા મળશે જેથી આ રોડની તટસ્થ તપાસ થાય તેવી હાલ લોકોની માંગ છે

# બેટી બચાવો સંદર્ભે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પંચાયત ના આરોગ્ય વિભાગ અને મહિલા બાળ અધિકારી ની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત જિલ્લાના તાલુકા હેલ્થ ઓફિસર્સ, મેડિકલ ઓફિસરો, તાલુકા સુપરવાઈઝરો અને આરોગ્ય વિભાગના અધિકારીઓ માટે PC & PNDT એક્ટ ની જાગૃતિ માટે અને કાયદાકીય માર્ગદર્શન મળી રહે તે હેતુથી જિલ્લા કાનુની સત્તા સેવા મંડળના એડિશનલ સિનિયર સીવિલ જજ. એ. એમ. શુક્લા દ્વારા કાયદાકીય માર્ગદર્શન, લિંગ પરીક્ષણ, ગર્ભપાત વગેરે વિષયો પર મુદ્દાસર ચર્ચા કરી હતી તેમજ આ પ્રકારની કામગીરીમાં સંકળાયેલા જિલ્લાના તબીબો ને PC PNDT એક્ટ ની અમલવારી અંગે થતી મુશ્કેલીઓ બાબતે જરૂરી યોગ્ય માહિતી પુરી પાડવામાં આવી હતી.આ સેમિનારમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો નૂપુર પ્રસાદ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો પુજાબેન ડોડીયા,જિલ્લા ક્ષય અધિકારી ડો પંકજકુમાર સિંઘ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો રાજેશ ગુપ્તા, રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. જયેશ પટેલ, જિલ્લા આઈ ઈ સી અધિકારી નીરજ મોદી, મહિલા બાળ અધિકારી ની કચેરી ના બંસીબેન ખોડિયાલ,યજ્ઞેશ ખરેચા તથા તાલુકા જિલ્લાના આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના મહારાજાની અખંડ રાષ્ટ્રભાવનાનું શિલ્પિત સ્મરણ એટલે સોમનાથનો દિગ્વિજય દ્વાર

### જામનગરના 'દિગ્વિજય દ્વાર'નું અનેરું ઐતિહાસિક મહત્વ





**મુખ્ય સમાચાર, જામનગર**

દિગ્વિજયસિંહજી સોમનાથ ટ્રસ્ટના પ્રથમ પ્રમુખ બન્યા અને આજીવન આ પદ પર રહીને તેઓએ સેવા આપી.આજે જ્યારે સમગ્ર દેશ સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે સોમનાથ મંદિરના પુનઃનિર્માણમાં જામનગરના મહારાજા જામ દિગ્વિજયસિંહજી રણજીતસિંહજી જાડેજાના અભૂતપૂર્વ પ્રદાનને યાદ કરવું એ દરેક ભારતવાસી માટે ગૌરવની વાત છે.ભારતની અખંડ ચેતનાના પ્રતીક સમાન સોમનાથના જીર્ણોદ્ધારમાં તેમનો ફાળો પાયાના પથ્થર સમાન રહ્યો છે.

સંસ્કૃતિના રક્ષક અને વહીવટી દ્રષ્ટા.ભારત આઝાદ થયા બાદ જ્યારે સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો સંકલ્પ લેવાયો, ત્યારે સૌરાષ્ટ્રના રાજપ્રમુખ તરીકે મહારાજા દિગ્વિજયસિંહજીએ માત્ર શાસકની જ નહીં, પણ એક જાગૃત સંસ્કૃતિ રક્ષકની ભૂમિકા ભજવી હતી. ?સરદાર વલ્લભભાઈ પટેલના દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે તેમણે વહીવટી દ્રઢતા અને નૈતિક સમર્થન પૂરું પાડ્યું હતું. જમીન સંપાદનથી લઈને સુરક્ષા વ્યવસ્થા સુધીની તમામ જટિલ બાબતોમાં તેમણે રાષ્ટ્રીય ગૌરવને અગ્રિમતા આપી હતી.પ્રથમ દાન અને નેતૃત્વનું ગૌરવ સોમનાથ મંદિરના નવનિર્માણ માટે જ્યારે 'સોમનાથ ટ્રસ્ટ'ની રચના કરવામાં આવી, ત્યારે રૂપિયા એક લાખનું સૌથી પહેલું દાન આપીને જામ સાહેબે ઉદારતાનો દાખલો બેસાડ્યો હતો.શિલાન્યાસ ૮ મે, ૧૯૫૦ના રોજ જામ સાહેબના હસ્તે જ નૂતન મંદિરનો વિધિવત શિલાન્યાસ થયો હતો.ટ્રસ્ટનું સંચાલન તેઓ ટ્રસ્ટના પ્રથમ પ્રમુખ બન્યા અને આજીવન આ પદ પર રહીને સેવા આપી. તેમની સાથે સામળદાસ ગાંધી, એન.વી. ગાડગીલ અને કનૈયાલાલ મુન્શી જેવા દિગ્ગજોએ ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી હતી.દિગ્વિજય દ્વાર ઈતિહાસ અને શ્રદ્ધાનો સંગમ.સોમનાથ મંદિર પરિસરમાં ભવ્યતાથી ઊભેલું "દિગ્વિજય દ્વાર" એ માત્ર પ્રવેશદ્વાર નથી, પરંતુ મહારાજાની અખંડ રાષ્ટ્રભાવનાનું શિલ્પિત સ્મરણ છે. આ દ્વાર યાત્રાળુઓને ભારતના આત્મવિશ્વાસ અને સાંસ્કૃતિક પુનરુત્થાનના ગૌરવમય અધ્યાયની યાદ અપાવે છે. તે ગુલામીના અંધકાર પછી પ્રગટેલા આત્મસન્માનના દીપક સમાન છે.

શાશ્વત વારસો.કાળના પ્રવાહમાં શાસકો બદલાય છે, પરંતુ સંસ્કૃતિ કાજે સમર્પિત વ્યક્તિત્વો અમર થઈ જાય છે. મહારાજા દિગ્વિજયસિંહજીના કાર્યો આજે 'દિગ્વિજય દ્વાર' સ્વરૂપે અડીખમ ઊભા રહીને આવનારી પેઢીઓને રાષ્ટ્રભક્તિ અને સેવાના પથ પર ચાલવાની પ્રેરણા આપી રહ્યા છે. સોમનાથ અને જામ સાહેબનું આ અતૂટ અનુસંધાન ભારતીય ઈતિહાસના સુવર્ણ અક્ષરે અંકિત રહેશે.

# આગામી તા.૨૧ જાન્યુઆરીના જામનગર "તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ" યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

'સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ''ની રાજય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ ''તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ'' યોજવાનું સૂચન કર્યું છે.

જે અનુસાર જામનગર તાલુકામાં ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' આગામી તા.૨૧-૦૧-૨૦૨૬ના રોજ સવારના ૧૧ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને મામલતદાર જામનગર શહેરના મિટિંગ હોલમાં યોજવામાં આવશે.તેથી આગામી તા.૧૬-૦૧-૨૦૨૬ પહેલા અરજદારોએ તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમની અરજી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ જામનગર શહેરને મોકલી દેવાની રહેશે. અરજી મોકલતી વખતે અરજદારોએ અત્રે જણાવેલી તમામ બાબતોનું પાલન કરવાનું રહેશે. જે અન્વયે,તાલુકા કક્ષાએ તાલુકાના જવાબદાર અધિકારી ને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ, અને તે અરજીની તારીખે અનિર્ણિત રહેલી હોવી જોઈએ.તો જ આ કાર્યક્રમમાં અરજી સ્વીકારવામાં આવશે.કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકાર ક્ષેત્રમાં આવતા પ્રશ્નોના જ નિર્ણય લઈ શકાય, તેવા પ્રશ્નો જ હોવા જોઈએ.કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર-પુરાવા સાથે રજુઆત કરી શકશે.કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆતો કરી શકશે નહીં.

તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં અરજી કરતાં પહેલાં કોઈપણ અરજદારે ગ્રામ્યકક્ષાના પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કે ગ્રામ સેવકને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોવી જોઈએ.જામનગર તાલુકાના નાગરિકોને તાલુકા સ્વાગત કાર્યક્રમનો લાભ લેવા માટે મામલતદાર જામનગરની શહેર યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# મીતાણા ચોકડી થી બેડી ચોકડી તરફ આવવાના માર્ગ પર ભારે વાહનોને પ્રવેશબંધી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ભારત દેશના વડાપ્રધાન તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ રાજકોટ શહેરની મુલાકાતે પધારનાર હોય, તેમજ વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે. જે સમિટમાં દેશ-વિદેશના અનેક નામંકિત ઉદ્યોગપતી, વી.આઈ.પી./વી.વી.આઈ.પી. મહેમાનો અને પ્રતિનિધિઓ પધારનાર હોય, જેથી પ્રધાનમંત્રીની રાજકોટ શહેર ખાતેની મુલાકાત દરમિયાન અને વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા સૂચારૂ રૂપે જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખી અત્રેના મોરબી જીલ્લામાં સમાવેશ થતા મીતાણા ચોકડીથી બેડી ચોકડી(રાજકોટ શહેર) તરફ આવવાના માર્ગ પર ભારે વાહનોની અવર જવર બંધ કરવા માટે જીલ્લા મેજીસ્ટ્રેટ કે.બી.ઝવેરી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

આ જાહેરનામાં અનુસાર મીતાણા ચોકડી થી બેડી ચોકડી (રાજકોટ શહેર) રસ્તાઓ પર તા.૧૧-૦૧-૨૦૨૬ સુધી સવારના ૮ કલાકથી તા.૧૫-૦૧-૨૦૨૬ સુધી રાત્રીના-૨૩.૦૦કલાક સુધી ભારે વાહનોને પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. વૈકલ્પિક રૂટ નં.૧ મીતાણા ચોકડી થી અમદાવાદ આવવા-જવા માટે મીતાણા ચોકડીથી અમરસર ફાટક (વાંકાનેર) -સીંધાવદર -કુવાડવા ગામથી રાજકોટ- અમદાવાદ હાઈવે પર અવર-જવર કરી શકાશે. વૈકલ્પિક રૂટ નં.૨ મીતાણા ચોકડીથી રાજકોટ આવવા-જવા માટે, મીતાણા ચોકડીથી અમરસર ફાટક (વાંકાનેર)થી સિંધાવદરથી કુવાડવા ગામથી ગ્રીનલેન્ડ ચોકડીથી આજીડેમ ચોકડીથી ગોંડલ ચોકડી તરફ અવર જવર કરી શકાશે. મીતાણા ચોકડીથી પડધરીથી ઘંટેશ્વરથી ટી- પોઈન્ટ થી નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ થી કટારીયા ચોકડીથી રાજકોટ શહેર તરફ અવર-જવર કરી શકાશે.

આ જાહેરનામું ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના વાહનો, સરકારી વાહનો, ફાયર ફાઈટર, સ્કુલ/કોલેજના વાહનો, ઈમરજન્સી વાહનો, આવશ્યક ચીજ વસ્તુઓ સાથે સંકળાયેલા તમામ વાહનો તેમજ પૂર્વ મંજુરી મેળવેલ હોય તેવા વાહનોને લાગુ પડશે નહિ. આ જાહેરનામાનો ભંગ કરવો શિક્ષાને પાત્ર છે.

# મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખાની વ્યાપક કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખા દ્વારા તા.૦૨/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૧/૨૦૨૬ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં અનધિકૃત અને ગેરકાયદેસર દબાણો દૂર કરવાની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીથી ટ્રાફિક સમસ્યા ઘટી અને જાહેર રસ્તાઓ ખુલ્લા બન્યા છે. મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખા દ્વારા શહેરને વ્યવસ્થિત અને ટ્રાફિકમુક્ત બનાવવા સતત કામગીરી કરવામાં આવી રહી છે. આ અન્વયે તા.૦૨/૦૧ થી તા.૦૮/૦૧ દરમિયાન મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં લાલ બાગ, રવાપર રોડ તથા ક્રિષ્ના સ્કૂલ પાસે અનધિકૃત રીતે કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શનાળા રોડ, રવાપર રોડ અવની ચોકડી, વાવડી રોડ અને ગેંડા સર્કલ પાસેના દબાણો હટાવી જાહેર માર્ગો ખુલ્લા કરવામાં આવ્યા હતા. અવધ વિસ્તારમાં શુક્રવારી દબાણ દૂર કરી ટ્રાફિકની સમસ્યા હળવી કરવામાં આવી હતી. આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા કેનાલ રોડ અને મહેન્દ્રનગર રોડ પર મહાનગરપાલિકાની મંજૂરી વગર લગાવવામાં આવેલા હોર્ડિંગ અને કિયોસ્ક દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વન વીક વન રોડ અભિયાન અંતર્ગત બેઠા પુલ વિસ્તારમાં આવેલી ગેરકાયદેસર ઝુપડપટ્ટીનું દબાણ પણ દૂર કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાના એસ્ટેટ અને દબાણ વિભાગ દ્વારા શહેરને સ્વચ્છ, સુવ્યવસ્થિત અને ટ્રાફિકમુક્ત બનાવવા આવી કાર્યવાહી આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે તેમ જણાવાયું છે.

# મોરબીના વિશીપરા વિસ્તારમાં નવી પાણી પુરવઠા યોજનાનું કામ શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા હદમાં આવેલા વિશીપરા વિસ્તારમાં પીવાના પાણીની અનિયમિતતા અને દુષિત પાણીની ફરિયાદોને ધ્યાનમાં રાખી નવી પાણી પુરવઠા યોજનાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. સરકાર તરફથી રૂ. ૯.૩૬ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ આ મહત્ત્વપૂર્ણ યોજના અમલમાં મૂકી કામ કાર્યરત કરવામાં આવ્યું છે.

મોરબી શહેરના વિશીપરા વિસ્તારમાં પીવાના પાણીની લાઈનો જૂની અને જર્જરિત હાલતમાં હોવાથી છેલ્લા ઘણા સમયથી પાણીના ઓછા પ્રેશર, મોડું પાણી પહોંચવું અને નિયમિત પુરવઠો ન મળવાની ફરિયાદો મળી રહી હતી. આ મુદ્દે મોરબી મહાનગરપાલિકાએ સમગ્ર વિસ્તારનો વિગતવાર સર્વે કરાવી પ્રાથમિક તૈયાર કરાવ્યો હતો. વસ્તી વધારાના કારણે પાછળના વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં વધુ સમય લાગતો હતો તેમજ કેટલીક જગ્યાએ પૂરતા પ્રેશરથી પાણી મળતું ન હતું. આ પરિસ્થિતિને સુધારવા નવી પાણી પુરવઠા યોજના અમલમાં મુકાઈ છે.

આ યોજનાનો મુખ્ય હેતુ સમગ્ર વિશીપરા વિસ્તારમાં પૂરતા પ્રેશર સાથે સમાન પ્રમાણમાં પીવાનું પાણી પહોંચાડવાનો છે. જૂની / પાઈપલાઈનને બદલે ૩૫,૩૧૧ મીટર લંબાઈની નવી પાઈપલાઈન, વાલ્વ સિસ્ટમ સહિતનું આધુનિક નેટવર્ક ઉભું કરવામાં આવશે. વર્ષ ૨૦૫૬ સુધીની વધતી વસ્તીની જરૂરિયાતને ધ્યાનમાં રાખી આ યોજના તૈયાર કરવામાં આવી છે. હાલ પાણી લાઈનનું કામ ચાલુ હોવાથી નજીકના સમયમાં વિશીપરા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ મળશે અને રહેવાસીઓને મોટી રાહત મળશે.

# મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા શહેરના ઉજાસ માટે સતત કામગીરી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિકલ શાખા શહેરને પ્રકાશિત અને નાગરિકોને સુવિધાજનક વાતાવરણ મળી રહે તે હેતુસર સતત કાર્યરત છે. નેહરુ ગેટની લાંબા સમયથી બંધ ઘડિયાળ પુનઃ શરૂ કરવાથી લઈને મોબાઈલ એપ મારફતે લાઈટિંગ ફરિયાદોના ઝડપી નિકાલ સુધીની કામગીરી કરવામાં આવી છે. મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા શહેરની પ્રકાશ વ્યવસ્થા મજબૂત બનાવવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મોરબીની ઓળખ સમાન નેહરુ ગેટની ઘડિયાળ લાંબા સમયથી બંધ હાલતમાં હતી, જેને આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી જરૂરી મોડિફિકેશન કરીને પુનઃ શરૂ કરવામાં આવી છે. પરિણામે નેહરુ ગેટની ચતુર્દિશામાં આવેલી તમામ ઘડિયાળો ફરી કાર્યરત બની છે. આ ઉપરાંત, મહાનગરપાલિકા દ્વારા તા.૦૩/૦૯/૨૦૨૫થી લાઈટિંગ સંબંધિત ફરિયાદો માટે મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે. આ એપ્લિકેશન મારફતે તા.૦૩/૦૯/૨૦૨૫ થી તા.૦૭/૦૧/૨૦૨૬ દરમિયાન કુલ ૪૦૨૧ ફરિયાદો પ્રાપ્ત થઈ હતી, જેમાંથી ૪૦૦૮ ફરિયાદોનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં પણ શહેરમાં લાઈટિંગ સંબંધિત તમામ સમસ્યાઓનું ઝડપી અને અસરકારક નિવારણ થાય તેમજ સમગ્ર પ્રકાશ વ્યવસ્થા વધુ સુદ્દઢ બને તે માટે ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા સતત પ્રયત્નો ચાલુ રહેશે તેમ મહાનગરપાલિકાની યાદીમાં જણાવ્યું છે.

# મોરબી મનપાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા જાહેર તથા વ્યવસાયિક સંસ્થાઓની વ્યાપક તપાસ

### રાજ્ય સરકારના નિયમો અને જ.ઘ.ડ મુજબ શાળાઓ, હોસ્પિટલ્સ, હોટેલ્સ સહિતની સંસ્થાઓમાં સલામતી ચકાસણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા રાજ્ય સરકારના નિયમો અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અંતર્ગત શહેરની જાહેર તથા વ્યાવસાયિક સંસ્થાઓની નિયમિત તપાસ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી હેઠળ શાળાઓ, હોસ્પિટલ્સ, હોટેલ્સ, સમાજ વાડીઓ સહિત અનેક સ્થળોએ સલામતી અને મંજૂરીઓની ચકાસણી કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા જાહેર સુરક્ષા, આરોગ્ય તથા નગર આયોજન સંબંધિત વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટે નિર્ધારિત કરાયેલા નિયમોના અનુસંધાને મોરબી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા શહેરમાં વ્યાપક તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. શહેરને અલગ-અલગ ક્લસ્ટરમાં વિભાજિત કરી આયોજનબદ્ધ રીતે સ્થળ પર જઈ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બાંધકામની માન્યતા, ઉપયોગની પરવાનગી, અગ્નિ સુરક્ષા વ્યવસ્થાઓ, ઈમરજન્સી એક્ઝિટ, જાહેર સલામતી અને જરૂરી મંજૂરીઓ અંગે વિગતવાર ચકાસણી કરવામાં આવી હતી.

આ અભિયાન અંતર્ગત કુલ ૧૪૫ શાળાઓ અને ૧૩૧ હોસ્પિટલ્સની તપાસ પૂર્ણ કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ, દર્દીઓ તથા સ્ટાફની સુરક્ષા, ફાયર સેફ્ટી અને માળખાકીય સલામતી પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૩૩ હોટેલ્સ, ૨ મલ્ટિપ્લેક્સ તથા ૪૪ સમાજ વાડીઓ પૈકી ૨૫ સમાજ વાડીઓની તપાસ કરવામાં આવી હતી. જાહેરમાં મેદની થતી હોય તેવી જગ્યાઓમાં ક્ષમતાનુસાર ઉપયોગ અને સલામતી ધોરણોની ખાસ તપાસ કરવામાં આવી હતી. આગામી તબક્કામાં ૩૩ ઉદ્યોગ એકમો તથા ૧૫૧ કમર્શિયલ કોમ્પ્લેક્સની પણ વિગતવાર તપાસ કરવામાં આવશે. જ્યાં ખામીઓ જણાઈ ત્યાં સંબંધિત સંચાલકોને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. નાગરિકોની સુરક્ષા અને નિયમિત નગર વિકાસ માટે આવી કાર્યવાહી ભવિષ્યમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખાની વ્યાપક કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખા દ્વારા તા.૦૨/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૧/૨૦૨૬ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં અનધિકૃત અને ગેરકાયદેસર દબાણો દૂર કરવાની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીથી ટ્રાફિક સમસ્યા ઘટી અને જાહેર રસ્તાઓ ખુલ્લા બન્યા છે.

મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખા દ્વારા શહેરને વ્યવસ્થિત અને ટ્રાફિકમુક્ત બનાવવા સતત કામગીરી કરવામાં આવી રહી છે. આ અન્વયે તા.૦૨/૦૧ થી તા.૦૮/૦૧ દરમિયાન મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં લાલ બાગ, રવાપર રોડ તથા ક્રિષ્ના સ્કૂલ પાસે અનધિકૃત રીતે કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શનાળા રોડ, રવાપર રોડ અવની ચોકડી, વાવડી રોડ અને ગેંડા સર્કલ પાસેના દબાણો હટાવી જાહેર માર્ગો ખુલ્લા કરવામાં આવ્યા હતા. અવધ વિસ્તારમાં શુક્રવારી દબાણ દૂર કરી ટ્રાફિકની સમસ્યા હળવી કરવામાં આવી હતી. આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા કેનાલ રોડ અને મહેન્દ્રનગર રોડ પર મહાનગરપાલિકાની મંજૂરી વગર લગાવવામાં આવેલા હોર્ડિંગ અને કિયોસ્ક દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વન વીક વન રોડ અભિયાન અંતર્ગત બેઠા પુલ વિસ્તારમાં આવેલી ગેરકાયદેસર ઝુપડપટ્ટીનું દબાણ પણ દૂર કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાના એસ્ટેટ અને દબાણ વિભાગ દ્વારા શહેરને સ્વચ્છ, સુવ્યવસ્થિત અને ટ્રાફિકમુક્ત બનાવવા આવી કાર્યવાહી આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે તેમ જણાવાયું છે.

# હળવદના નવા દેવળીયા ગામ નજીક રસ્તો ઓળંગી રહેલ આધેડનું કાર હડફેટે મોત

હળવદ તાલુકાના નવા દેવળીયા ગામના પાટીયા પાસે માર્ગ અકસ્માતમાં આધેડનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. જેમાં રોડ ઓળંગી રહેલ આધેડ કારની ઠોકરે રોડ ઉપર પટકાતા, માથામાં ગંભીર ઈજાઓ પહોચતા, તેમનું ઘટના સ્થળે મૃત્યુ થયું હતું, બીજીબાજુ અકસ્માત સર્જી સ્વીફ્ટ કારણો ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો. મળતી વિગતો અનુસાર, હળવદ તાલુકાના નવા દેવળીયા ગામે કોળીવાસમાં રહેતામેહુલભાઈ દેવશીભાઈ વડેચા ઉવ.૨૩ એ હળવદ પોલીસ મથકમાં આરોપી સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૦૧-એચઆર-૧૮૮૨ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં ગત તા.૦૬/૦૧ ના રોજ સાંજના સમયે ફરિયાદીના પિતા દેવશીભાઈ મોહનભાઇ વડેચા નવા દેવળીયા ગામના પાટીયા પાસે સીએનજી પંપ પાસેથી ચાલીને રોડ ક્રોસ કરતા હોય તે દરમિયાન ઉપરોક્ત સ્વીફ્ટ કારના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડના ચલાવી આવી દેવશીભાઈને હડફેટે લેતા તેઓને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી સ્વીફ્ટ કારનો ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો. ત્યારે સનાગર અકસ્માત મામલે હળવદ પોલીસે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલથી કર્મજ્ઞાનના નિશુલ્ક કોર્સનો પ્રારંભ

## કર્મયોગી ડો રાજીવ મિશ્રા દ્વારા પ્રત્યેક રવિવારે કર્મજ્ઞાન પર રસપ્રદ સેમિનાર યોજાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિંદગી માંથી હતાશા નિરાશા અને દુઃખ દૂર કરવા કર્મજ્ઞાનના ચમત્કારિક વિજ્ઞાનને સમજવું અત્યંત જરૂરી છે કર્મયોગી ડો રાજીવ મિશ્રા દ્વારા છેલ્લા ૧૮ વર્ષથી વ્યક્તિના જીવન માંથી અંધકાર દૂર કરી પ્રકાશ પાથરવાનું નિસ્વાર્થ ભાવે કાર્ય કરવામાં આવી રહ્યું છે નવાવર્ષ ૨૦૨૬ ના પ્રારંભે આવતીકાલ રવિવારથી કર્મજ્ઞાનના એક વર્ષના નિશુલ્ક કોર્સનો પ્રારંભ થઈ રહ્યો છે આ કર્મજ્ઞાન અંગેના ચમત્કારિક સેમિનારમાં કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે દર રવિવારે સવારે ૭૩૦ થી ૮ ૨૦ સુધી કર્મયોગ મંદિર ઇવનિંગ પોસ્ટ, રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક પાસે,જુબેલીબાગ ની સામે યોજાતા સેમિનારમાં કર્મજ્ઞાન પર ડો મિશ્રા દ્વારા રસપ્રદ છણાવટ કરાશે વધુ વિગત માટે ડો રાજીવ મિશ્રા whatsapp નંબર ૮૫૧૧ ૮૨૯૦૦૨ નો સંપર્ક કરવો

# એન્જિનિયરિંગ ઈનોવેશનમાં પાયોનિયર રાજકોટઃ સાત સમંદર પાર ડીઝલ એન્જિનની માગ અકબંધ

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ખોલશે રાજકોટના ઔદ્યોગિક એકમો માટે વૈશ્વિક બજારના સુવર્ણ દ્વાર



**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખનઃ રાધિકા વ્યાસ, ભાવિકા લીંબાસીયા**

રાજકોટ હંમેશાથી એન્જિનિયરિંગ અને લઘુ ઉદ્યોગોનું વૈશ્વિક કેન્દ્ર રહ્યું છે, જેમાં ડીઝલ એન્જિન ઉદ્યોગનો ફાળો પાયાનો રહ્યો છે.

એન્જિનિયરિંગ ઈનોવેશનનું ઉદાહરણ એવા રાજકોટમાં બનેલા ડીઝલ એન્જિન દાયકાઓથી વિશ્વબજારમાં છવાયેલા છે. રાજકોટમાં બનેલા આ એન્જિનની ગલ્ફના દેશોમાં મોટી માગ છે. રાજકોટના આંગણે યોજાવા જઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં રાજકોટની શાન સમા ડીઝલ એન્જિન, મોટર્સ અને તેના ઈનોવેશન્સ રજૂ થશે. જે ''રિજનલ એસ્પિરેસન્સ અને ગ્લોબલ એમ્બિશન''નું સૂત્ર સાર્થક કરશે.

પાંચ-છ દાયકા અગાઉ ખેતરમાં સિંચાઈના કામ માટે કુવામાંથી પાણી ખેંચવાની જરૂર પડતી. આ કામગીરી ખૂબ તકલીફવાળી રહેતી. જેને સરળ બનાવવાના વિચારમાંથી જન્મ થયો ડીઝલ એન્જિનનો. ફીલ્ડ માર્શલ આ ડીઝલ એન્જિન લઈને માર્કેટમાં આવ્યું અને સ્થાનિક બજાર બાદ દુનિયાના દેશોમાં છવાઈ ગયું.

રાજકોટના ઉદ્યોગ જગતમાં 'ફિલ્ડમાર્શલ' - 'ગુજરાત ફોર્જિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ'નું ડીઝલ એન્જિન ઉદ્યોગમાં યોગદાન સીમાચિહ્નરૂપ રહ્યું છે. ૪ જૂન, ૧૯૭૪ના રોજ સ્વપનદ્રષ્ટા સ્વ. છગનભાઈ નરશીભાઈ પટેલ દ્વારા રોપાયેલું આ બીજ આજે એક વટવૃક્ષ બનીને વૈશ્વિક સ્તરે ગુજરાતનું ગૌરવ વધારી રહ્યું છે. ફિલ્ડમાર્શલ બ્રાન્ડ હેઠળ ઉત્પાદિત થતા એન્જિનો તેના ટકાઉપણાં અને શ્રેષ્ઠ એન્જિનિયરિંગ માટે જાણીતા છે. કંપની પાસે વાર્ષિક ૧,૩૫,૦૦૦ હાઇ-સ્પીડ ડીઝલ એન્જિનની પ્રચંડ ઉત્પાદન ક્ષમતા છે. ''ડિઝલ એન્જિન હબ'' તરીકે જાણીતા રાજકોટનો આ ઉદ્યોગ પરિવહન, કૃષિ, ઉર્જા અને ઔદ્યોગિક ઉત્પાદન સાથે સીધો સંકળાયેલો છે અને અનેક લોકોને રોજગારી આપી રહ્યો છે.

ગુજરાત ફોર્જિંગ્સ પ્રાઈવેટ લિમિટેડના દેવેન્દ્રભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં ડીઝલ એન્જિન ઉદ્યોગની શરૂઆત વર્ષ ૧૯૬૩માં થઈ હતી અને આજે અહીં વાર્ષિક આશરે ૬૦,૦૦૦થી ૭૦,૦૦૦ ડીઝલ એન્જિન અને પંપસેટનું ઉત્પાદન થાય છે. આ ઉત્પાદનો માત્ર ભારતના વિવિધ રાજ્યોમાં જ નહીં, પરંતુ આફ્રિકા અને ગલ્ફ દેશો જેવા કે ઈરાન, ઈરાક, ઇજિપ્ત, સીરિયા, યુગાન્ડા અને કેન્યા સુધી નિકાસ થાય છે, જે રાજકોટના ઉદ્યોગની વૈશ્વિક વિશ્વસનીયતા દર્શાવે છે

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી નેતૃત્વ હેઠળ ''મેઈક ઇન ઇન્ડિયા'', ''આત્મનિર્ભર ભારત'', ''વોકલ ફોર લોકલ'' અને ''સ્વદેશી અભિયાન'' જેવી પહેલોએ ભારતીય ઉત્પાદન ક્ષેત્રને નવી દિશા આપી છે. આ પહેલોના પરિણામે ખાસ કરીને સેક્ટરને નિકાસ સહાય, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને નીતિગત પ્રોત્સાહન મળ્યું છે, જેના કારણે રાજકોટ જેવા ઔદ્યોગિક કેન્દ્રો વધુ મજબૂત બન્યા છે.

ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, લોજિસ્ટિક્સ સુવિધાઓ અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે ડીઝલ એન્જિન ઉદ્યોગને નવી ઊંચાઈએ પહોંચવાની તક મળી છે. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ દ્વારા રાજકોટના ડીઝલ એન્જિન ઉદ્યોગની શક્તિ, ફિલ્ડમાર્શલ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓનું યોગદાન અને ભવિષ્યની શક્યતાઓને વૈશ્વિક મંચ પર રજૂ કરવામાં આવશે, જેનાથી નવા રોકાણ, ટેકનોલોજી સહયોગ અને રોજગાર સર્જન માટે નવા દ્વાર ખુલશે.

ગ્રીન ટેકનોલોજી, ફ્યુઅલ એફિશિયન્સી, લો એમિશન એન્જિન અને હાઈબ્રિડ સિસ્ટમ્સ જેવા આધુનિક પ્રવાહોને અપનાવી રાજકોટનો ડીઝલ એન્જિન ઉદ્યોગ આગામી સમયમાં વૈશ્વિક સપ્લાય ચેનમાં વધુ મજબૂત સ્થાન મેળવવા સંપૂર્ણ રીતે સજ્જ બન્યો છે.

# કલા બની ઓળખઃ વાંસ ઉદ્યોગની વિરાસતથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ સુધી પહોંચવાની વાત

## વાજપેયી બેંકેબલ યોજના હેઠળ આશરે નાના ઉદ્યોગકારોને રૂ. ૨૫ લાખ સુધીની લોનની સહાય મળવાપાત્ર

## જિલ્લાના ૨,૩૧૪ નાના ઉદ્યોગકારોને અંદાજિત રૂ.૧૭૮ કરોડથી વધુની રકમની લોનની આપવામાં આવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખન - પ્રિયંકા પરમાર**

કુદરતી સંપદાઓમાં વાંસ એ ઘાસની વિવિધ પ્રજાતિઓમાનું એક પ્રકારનું શ્રેષ્ઠ ઘાસ છે. જેને અંગ્રેજી ભાષામાં આપણે સૌ બામ્બુના નામે પણ ઓળખીએ છીએ. ત્યારે પ્રકૃતિનાં હરિત કંચન સમા વાંસે કલાત્મક ઉદ્યોગનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. રાજકોટના માલિયાસણ ગામથી વાંસની કળા સૌરાષ્ટ્ર કચ્છના વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સુધી પહોંચી છે. પહોંચાડવાનું કામ કર્યું છે, માલિયાસણ ગામના નકુમ પરિવારની ચોથી પેઢી એટલે કે છોટુભાઈ નકુમ અને તેના પરિવારે.

સરકારની પ્રોત્સાહક નીતિઓના કારણે આજે અનેક કલાકારોની કલા અને વસ્તુઓ સ્થાનિક બજાર સુધી સીમિત ન રહેતાં દેશ વિદેશમાં ઉજાગર થઈને લોકોનો પ્રેમ મેળવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર ૧૧ જાન્યુઆરીના વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં સૌરાષ્ટ્ર - કચ્છના કલાકારોને ઘર આંગણે પોતાની કુશળતાઓને રજૂ કરવાની સુવર્ણ તક મળવા જઈ રહી છે. ત્યારે રાજકોટના માલિયાસણ ગામના છોટુભાઈ નકુમને પણ આ સુવર્ણ તક સાંપડી છે.

બાપદાદાના વાંસ ઉદ્યોગને આગળ ધપાવતાં કુશળ કારીગર છોટુભાઈ નકુમે વાત કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવી રહ્યા છે અને અમને દેશ વિદેશના લોકો સમક્ષ અમારી કલા પ્રદર્શિત કરવાનો મોકો મળી રહ્યો છે એ જાણીને મારો પરિવાર અને મંડળીના સભ્યો રાજીપાની લાગણી અનુભવી રહ્યા છે. મોદીજીના ''હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી''ના સંકલ્પને તો અમે જીવી રહ્યા છીએ અને આ સંકલ્પને સ્વદેશી હાટમાં લોકો સમક્ષ અમારી કલાના માધ્યમથી રજૂ કરવાના છીએ.

જીવનસાથીની વાતમાં હામી ભરતા રૂપાબહેન નકુમે કહ્યું હતુ કે, અમારી વાંસની બનાવટની વસ્તુઓ માત્ર રાજકોટ નહિ પરંતુ પોરબંદર, અમરેલી, દ્વારકા, વેરાવળ સહિત આખા ગુજરાતમાં પહોંચાડી છીએ. ૫૮ સભ્યોમાંથી ૪૦ મહિલાઓ આજે ઘર બેઠા રોજનું ૬૦૦થી ૭૦૦ રૂપિયાનું કામ કરીને મહિનાની ૧૫થી ૨૦ હજારની રોજગારી મેળવી રહી છે. કોઈપણ પ્રકારના મશીનના ઉપયોગ વિના માત્ર હાથની કરામતથી વાંસમાંથી બનાવાતી વસ્તુઓ અમારા જીવનની ઓળખ સમાન છે.

ઉલ્લેખનીય છે કે, 'રાજકોટ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર' દ્વારા નાના ઉદ્યોગકારોને આગળ વધવા અને આર્થિક રીતે મદદરૂપ થવા મારે ''વાજપેયી બેંકેબલ યોજના'' હેઠળ જિલ્લાના ૨,૩૧૪ નાના ઉદ્યોગકારોને બેંક દ્વારા અંદાજિત રૂ.૧૭૮ કરોડથી વધુની રકમની લોન આપવામાં આવી હતી. તેમજ ''માનવ કલ્યાણ યોજના'' હેઠળ વર્ષ ૨૦૨૩થી અત્યારસુધીમાં આશરે ૫,૭૯૬ કારીગરોને વ્યવસાયલક્ષી કીટ પૂરી પાડવામાં આવી હતી. નાના ઉદ્યોગકારોને ''વાજપેયી બેંકેબલ યોજના'' હેઠળ કોટેજ ઉદ્યોગ માટે બેંક દ્વારા રૂ. ૨૫ લાખ સુધીની લોન અને ''માનવ કલ્યાણ યોજના'' હેઠળ રૂ. ૧૫ હજાર સુધીની કીટ આપવામાં આવે છે.

# સોમનાથમાં જૂનાગઢના શિવરાત્રીના મેળા જેવો સર્જાયો માહોલ

## સાધુ સંતોની રવાડીમાં દિગમ્બર સાધુઓના દિલધડક કરતબો જોઈ યાત્રિકો થયા અચંબિત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત નીકળેલી સાધુ-સંતોની ભવ્ય રવાડી દરમિયાન સોમનાથની પવિત્ર ભૂમિ પર ભક્તિ, પરંપરા અને શૌર્યનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. રવાડીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ ધાર્મિક ઉલ્લાસથી છલકાયું હતું. જૂનાગઢના શિવરાત્રીના મેળા જેવો માહોલ સોમનાથમાં અનુભવાયો હતો. આ રવાડીમાં દિગમ્બર સાધુઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ કરતબોએ લોકોમાં વિશેષ કૌતુક અને આશ્ચર્ય જગાવ્યું હતું. સાધુઓએ પોતાની અદભૂત શારીરિક ક્ષમતાઓ અને સાધનાનો પરિચય આપતાં પરંપરાગત રીતે કરતબો રજૂ કર્યા હતા. દિગમ્બર સાધુઓએ તલવારબાજી સહિત વિવિધ અંગકસરતના દાવો રજૂ કરી પોતાની શૌર્યકલા અને આત્મશક્તિનું દર્શન કરાવ્યું હતું. તેમના આત્મવિશ્વાસભર્યા અને શિસ્તબદ્ધ પ્રદર્શનથી દર્શકોમાં તાળીઓ અને જયઘોષ ગુંજી ઊઠ્યા હતા.

રવાડી દરમિયાન સર્જાયેલો માહોલ શિવરાત્રી નિમિત્તે જૂનાગઢમાં યોજાતા પરંપરાગત મેળાની રવાડી જેવો લાગતો હતો. ધાર્મિક ઉત્સવ સાથે લોકસંસ્કૃતિની ઝલક સોમનાથમાં સ્પષ્ટ રીતે અનુભવાઈ રહી હતી.

સાધુ-સંતોની રવાડીમાં દિગમ્બર સાધુઓના કરતબોએ સોમનાથ સ્વાભિમાન પર્વની ભવ્યતા અને વિશિષ્ટતા વધારી હતી.

# શકત શનાળા પ્લોટ શાળાના બાળકોએ શ્રીમદ્ રાજચંદ્ર લાઈબ્રેરીની મુલાકાત લીધી






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા આયોજિત ''એક શાળા એકવાર નો કાર્યક્રમ'' અંતર્ગત શકત શનાળા પ્લોટ શાળાના વિદ્યાર્થીઓને શ્રીમદ રાજચંદ્ર લાઇબ્રેરીની મુલાકાત લેવડાવવામાં આવી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને લાઇબ્રેરીમાં રહેલ વિવિધ પુસ્તક તથા લાઇબ્રેરીમાં થતી વિવિધ કામગીરી અંગે જાણકારી આપવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના કર્મચારી દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે જાગૃતતા ફેલાવવા તથા સ્વચ્છતા અંગે માર્ગદર્શન અને સૂકા કચરા અને ભીના કચરાના નિકાલ વગેરે બાબતે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. વિદ્યાર્થીઓને લાઈબ્રેરીની મુલાકાત લેવા આવવા અને જવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા સીટી બસની વ્યવસ્થા કરી આપવામાં આવેલ. લાઈબ્રેરીની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે શાળાના મદદનીશ શિક્ષિક દઢાણીયા નરભેરામભાઇ લાલજીભાઈ સાથે રહ્યા હતા. આ તકે, શાળાના પ્રિન્સીપાલ હર્ષદભાઈ મારવણીયાએ મોરબી મહાનગર પાલિકા, શ્રીમદ રાજચંદ્ર લાઇબ્રેરી તથા મોરબી મહાનગર પાલિકા આયોજિત સિટી બસ સર્વિસનો આભાર માન્યો હતો.

# રાજકોટ ડિવિઝન રેલવે હોસ્પિટલમાં કેન્ટીન સુવિધાનો શુભારંભ

## દર્દીઓને ઘર જેવું પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ કરાવવા અને દર્દીઓની સુવિધાઓને સુદ્રઢ બનાવવાની મહત્વપૂર્ણ પહેલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પશ્ચિમ રેલવેની રાજકોટ ડિવિઝન રેલવે હોસ્પિટલમાં દર્દીઓની સુવિધાઓને નવી ઊંચાઈઓ પર લઈ જતાં આજે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. રાજકોટ ડિવિઝન રેલવે પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ હોસ્પિટલ પરિસરમાં નવીનીકૃત અને અત્યાધુનિક કેન્ટીન સુવિધાનું ઉદઘાટન કર્યું હતું. આ પહેલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ, તેમના પરિજનો અને રેલવે કર્મચારીઓ માટે વધુ સારા સ્વાસ્થ્ય અને પોષણને સુનિશ્ચિત કરવાની દિશામાં એક મોટું પગલું છે.

છેલ્લા ત્રણ વર્ષથી મર્યાદિત સંસાધનો હોવા છતાં હોસ્પિટલ વહીવટીતંત્ર રસોઈ સેવાઓનું સંચાલન કરી રહ્યું હતું. દર્દીઓની વધતી જતી સંખ્યા અને ગુણવત્તાયુક્ત ભોજનની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, રેલવે વહીવટીતંત્રે હવે તેને વ્યાવસાયિક ખાનગી એજન્સી દ્વારા આઉટસોર્સ કરવાનો સાહસિક નિર્ણય લીધો છે. આનાથી માત્ર ભોજનની નિરંતરતા જ જળવાઈ રહેશે નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્વચ્છતાના ધોરણોનું પાલન પણ સુનિશ્ચિત થશે.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝન રેલવે પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે ''રેલવે હોસ્પિટલ માત્ર સારવારનું કેન્દ્ર નથી, પરંતુ માનવીય સંવેદનાઓ સાથે જોડાયેલી સંસ્થા છે. દર્દીઓ અને તેમના પરિજનોને સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ભોજન ઉપલબ્ધ કરાવવું એ અમારી જવાબદારી છે. આ નવી આઉટસોર્સ્ડ કેન્ટીન સુવિધા તે જ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.''

કેન્ટીનની મુખ્ય વિશેષતાઓ અને લાભ

(૧) દર્દીઓ માટે આશીર્વાદ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમની સાથે આવતા પરિજનોને હવે હોસ્પિટલ પરિસરની અંદર જ સ્વચ્છ, ગરમ અને પૌષ્ટિક ભોજન તેમજ નાસ્તો ઉપલબ્ધ થશે.

(૨) ગુણવત્તાનું કડક નિરીક્ષણ ભોજનની ગુણવત્તા અને શુદ્ધતા જાળવી રાખવા માટે એક વિશેષ 'હોસ્પિટલ કિચન નિરીક્ષણ સમિતિ'ની રચના કરવામાં આવી છે. આ સમિતિ પૂર્વ સૂચના આપ્યા વિના નિયમિત તપાસ કરશે.

(૩) કર્મચારી કલ્યાણ હોસ્પિટલના કર્મચારીઓ પણ નિયત દરો પર આ આધુનિક કેન્ટીન સેવાનો લાભ લઈ શકશે, જેનાથી તેમની કાર્યક્ષમતા અને મનોબલમાં વધારો થશે.

મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. રાજ કુમારે આ પ્રસંગે જણાવ્યું હતું કે આ સુવિધા 'પેશન્ટ-ફર્સ્ટ' (Patient-First) એટલે કે 'દર્દી પ્રથમ'ની વિચારધારાનું પરિણામ છે. અમારો ધ્યેય માત્ર સારવાર કરવાનો જ નહીં, પરંતુ હોસ્પિટલમાં રોકાણના અનુભવને સુખદ અને તણાવમુક્ત બનાવવાનો પણ છે.

આ ઉદઘાટન સમારોહ દરમિયાન ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ, તબીબી સ્ટાફ અને કર્મચારી સંગઠનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ રાજકોટ રેલવે ડિવિઝનની દીર્ઘદ્રષ્ટિ અને વહીવટી કાર્યક્ષમતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

# ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતી મોરબી ૧૮૧ની ટીમ

## પરિવારના જાણ બહાર મહિલા ઘરેથી નીકળી ગઇ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહિલાઓની મદદ માટે સતત રાત દિવસ કાર્યરત રહેતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સેવા ખરેખર બહેનો માટે આશીર્વાદરૂપ રહી છે.

આજ રોજ તારીખ-૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧૨ ટીમ દ્વારા ૧૮૧ માં કોલ કરવામાં આવેલ કે મોરબી રવાપર નદી ગામમાં એક વાડી વિસ્તારમાં એક મહિલા મળી આવેલા હોય મહિલા આમતેમ દોડાદોડી કરતા હતા મહિલા કોઈનું કાઈ પણ માનતા નથી અને સરખું સરનામું પણ આપતા નથી મહિલા પાસે મોબાઈલ પણ હોય પરંતુ પાસવર્ડ આપતા ના હોય અને તેમના મોબાઈલમાં ફોન આવે તો વાત પણ કરવા તૈયાર ન હોય અને મહિલા ગભરાયેલી હાલતમાં હોય માટે અભયમ મહિલા હેલ્પલાઈન ની મદદ ની જરૂર છે

જેના પગલે કામકાજના ફરજ પરના કાઉન્સેલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ રમીલાબેન તેમજ પાયલોટ મહેશભાઈ ઘટના સ્થળે મહિલા ની મદદ માટે પહોંચ્યા હતા મહિલાને ૧૧૨ ટીમ દ્વારા સુરક્ષિત રીતે બેસાડેલા હતાં સૌપ્રથમ મહિલા ને સાંત્વના આપવામાં આવી તેમજ બંને ટીમ દ્વારા મહિલા સાથે વાતચીત કરી અને પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો

મહિલાનું ખુબ જ સંવેદનશીલતા પૂર્વક કાઉન્સિલીગ કર્યુ કાઉન્સિલીગ દરમિયાન મહિલા જણાવેલ કે હાલ અમે એમ.પી.ના છે પણ ઘણા વર્ષોથી અમે મોરબી ખાતે ખેતીકામ કરીને ગુજરાન ચલાવીએ છીએ વધુમાં મહિલા એ જણાવ્યું હતું કે હું મારા પતિ મારા સાસુ સસરા અને મારા દિકરા સહિત નાં પરિવારના સભ્યો સાથે રહું છું અને ખેતીકામ કરું છું મહિલા એ જણાવ્યું કે મારા મગજમાં થોડું ટેન્શનમાં હોય માટે સાંજના સમયે જમીને મારી મરજીથી હું છેલ્લા ત્રણ - ચાર કલાકથી ઘરે કોઈ ને પણ જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયેલ.

ત્યારબાદ બંને ટીમ દ્વારા મહિલા ને આશ્વાશન આપવામાં આવેલ અને મહિલા ને સમજાવેલ કે રાત્રીના સમયે આવી રીતના ક્યારેય પણ બાળકને મુકીને ઘરેથી ન નીકળી જવા બાબતે લાંબી સમજાવટ આપવામાં આવેલ

ત્યારબાદ બંને ટીમ દ્વારા તેમના પતિ નું સરનામું પુછેલ અને તેમનો કોન્ટેક્ટ નંબર મેળવેલ તેમજ ચોક્કસ માહિતી મેળવવા માટે આધાર પુરાવા માંગેલ પુરાવા યોગ્ય લાગતા મહિલા ના પતિ સાથે વાતચીત કરેલ અને તેમના ઘરે ગયેલ મહિલાનાં પતિ એ જણાવેલ કે સાંજના સમયે જમીને મારી પત્ની બાળકને મુકીને અમારી જાણ બહાર મારી પત્ની ઘરેથી નીકળી ગયેલ હોય મારી પત્ની ને શોધવા માટે ઘણા પ્રયત્નો કરેલ પરંતુ તેમની પત્ની મળેલ નહીં. ત્યારબાદ બંને ટીમ દ્વારા સલાહ સુચન અને માર્ગદર્શન આપેલ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપવામાં આવેલ મહિલા ને ઘરેથી ન નીકળી જવા બાબતે લાંબી સમજાવટ આપવામાં આવેલ તેમજ મહિલા નાં પતિ ને મહિલા નું ધ્યાન રાખવા જણાવેલ

આમ મહિલા રાજી ખુશીથી તેમના પતિ સાથે રહેવા જણાવેલ મહિલા ને તેમના પતિ ના ઘરે સહી સલામત સોંપવામાં આવેલ હોય જેને લઈ તેમના પતિ અને વાડીના માલિકે બંને ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

# મોરબી મનપા શહેરને હરિયાળું અને આકર્ષક બનાવવા સક્રિય

## નવા ગાર્ડનોનો વિકાસ, જૂના ગાર્ડનોનું નવીનીકરણ અને વ્યાપક વૃક્ષારોપણની કામગીરી પ્રગતિ હેઠળ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા શહેરને વધુ સ્વચ્છ, હરિયાળું અને સુંદર બનાવવા સતત કામગીરી હાથ ધરાઈ રહી છે. નવા ગાર્ડનોના વિકાસ સાથે સાથે કેશરબાગ, સુરજબાગ જેવા જૂના ગાર્ડનોના નવીનીકરણની કામગીરી ચાલી રહી છે, જેના કારણે શહેરના સૌંદર્યમાં વધારો થશે.

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા શહેરના પર્યાવરણ અને સૌંદર્ય વધારવા માટે સતત પ્રયત્નશીલ છે. શહેરમાં નવા ગાર્ડનો વિકસાવવાની સાથે કેશરબાગ, સુરજબાગ સહિતના જુના ગાર્ડનોના નવીનીકરણની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. આ તમામ વિકાસ અને સુધારાની કામગીરી પૂર્ણ થતાં નાગરિકોને વધુ સુવિધાયુક્ત અને આકર્ષક હરિત વિસ્તારો મળશે. આ ઉપરાંત ભડિયાદ વિસ્તારમાં અંદાજે ૧,૧૯૮ વૃક્ષોનું વ્યાપક વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે, જે પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ પહેલ માનવામાં આવી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર અવરોધરૂપ બનેલા ઝાડ-ઝાડીઓની કાપણી પણ ગાર્ડન શાખા દ્વારા નિયમિત રીતે કરવામાં આવી રહી છે. આગામી સમયમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ જ્યાં જરૂરી હશે ત્યાં નડતરરૂપ ઝાડ-ઝાડીઓ દૂર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. મહાનગરપાલિકાની ગાર્ડન શાખા શહેરને વધુ સ્વચ્છ, હરિયાળું અને આકર્ષક બનાવવા પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું છે.

# હળવદના કડીયાણા ગામ નજીકથી ઈંગ્લીશ દારૂનો જંગી જથ્થો ઝડપાયો



## મોરબી ક્રાઈમ બ્રાંચની મોટી કાર્યવાહી, બે આરોપીઓને પકડવા તપાસ તેજ કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચે હળવદ તાલુકાના કડીયાણા ગામની સીમમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી લીધો છે. વેચાણના ઈરાદે ઉતારેલ ૨,૨૩૨ નંગ ઈંગ્લીશ દારૂની બોટલો કબ્જે કરવામાં આવી છે. રેઈડ દરમિયાન બે આરોપી હાજર ન મળતા તેની વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેમને પકડવા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

મોરબી જીલ્લામાં દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી કરવા જીલ્લા પોલીસ વડાની સૂચના મુજબ એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ ટીમ સક્રિય હતી. તે દરમ્યાન પીએસઆઇ જે.પી. કણસાગરાની આગેવાની હેઠળની ટીમને ખાનગી બાતમી મળી હતી કે હળવદ તાલુકાના કડીયાણા ગામથી માથક તરફ જતા કાચા રસ્તે, ખરાબામાં વિદેશી દારૂનો જંગી જથ્થો ઉતારવામાં આવ્યો છે. બાતમી મુજબ આરોપી રાહુલ ઉર્ફે ધુમો કોળી રહે. મોરબી અને લાલો કોળી રહે. હળવદ વાળા દ્વારા દારૂની હેરાફેરી કરવાની પ્રવૃત્તિ ચાલી રહી હતી. બાતમીના આધારે ક્રાઇમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે સ્થળ પર રેઇડ કરી હતી, જ્યાંથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૨,૨૩૨ નંગ ઈંગ્લીશ દારૂની બોટલો કિ.રૂ. ૩,૦૪,૭૭૬/- મળી આવી હતી. રેઇડ સમયે બંને આરોપી હાજર મળી આવ્યા ન હતા. પોલીસે કબ્જે કરાયેલ મુદામાલ જપ્ત કરી હળવદ પોલીસ મથકમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો છે. આ સાથે ફરાર આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસે તપાસ વધુ તેજ બનાવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ રેસકોર્ષ મેદાનના આકાશમાં પતંગોની રંગોળી રચાઇ









તસવીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે સવારે રાજકોટ મહાનગરપાલિકા તેમજ ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા રેસકોર્સ મેદાન ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશના પતંગબાજોએ અવનવા કલરની પતંગો ચગાવી રાજકોટવાસીઓને મોજમાં લાવી દીધા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણ પહેલા આયોજન હાથ ધરાયું હતું. પતંગબાજોએ પણ રાજકોટના વિશાળ રેસકોર્ષ ગ્રાઉન્ડમાં પતંગ ચગાવી સંતોષ વ્યકત કર્યો હતો. આ સાથે પવનદેવે પણ લાજ રાખી હતી. સવારના માપસર પવન રહેતા પતંગો નભને આંબી હતી અને રેસકોર્ષ મેદાનમાં પતંગની રંગોળી રચાઇ હતી. આ મહોત્સવમાં કુલ ૨૧ દેશો તથા ભારતના વિવિધ રાજ્યો સહિત ૧૩૫ થી વધુ આંતરરાષ્ટ્રીય પતંગબાજો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લીધો હતો. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬''માં ઓસ્ટ્રેલીયા, બ્રાઝિલ, કોલમ્બિયા, ડેનમાર્ક, સિંગાપોર, થાઈલેન્ડ, સ્વીડન, યુનાઈટેડ કિંગડમ જેવા કુલ-૨૧ દેશો તથા ભારતના મહારાષ્ટ્ર, રાજસ્થાન, બિહાર, ઉડીશા, તામિલનાડુ, સિક્કિમ, વેસ્ટ બેંગાલ જેવા વિવિધ રાજ્યો સહિત ૧૩૫ થી વધુ પતંગબાજો ભાગ લેશે.

## એરપોર્ટ, બેડી યાર્ડ, મારવાડી યુનિ.એ પોલીસ, SPGનું સુરક્ષા કવચ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રવિવારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજિત વાઈબ્રન્ટ રિજનલ સમિટનું ઉદઘાટન કરવામાં આવનાર છે તે પહેલાં શુક્રવારે પોલીસ, જિલ્લા કલેક્ટર, મહાપાલિકા સહિતના સરકારી તંત્ર દ્વારા તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવ્યો હતો. ખાસ કરીને એરપોર્ટ, બેડી માર્કેટિંગ યાર્ડ કે જ્યાં વડાપ્રધાનના હેલિકોપ્ટરના ઉતરાણ માટે હેલિપેડ તૈયાર કરવામાં આવ્યું છે ત્યાં તેમજ મુખ્ય કાર્યક્રમ સ્થળ મારવાડી યુનિવર્સિટી ખાતે પોલીસ, સ્પેશ્યલ પ્રોટેક્શન ગ્રુપ (એસપીજી) સહિતના સુરક્ષાદળોના ધાડા ઉતરી પડયા હતા. આ ઉપરાંત ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા ગુરૂવાર તેમજ શુક્રવાર એમ બે દિવસ રિહર્સલ કરાયા બાદ તમામ તંત્ર એક સાથે મળીને 'રિહર્સલ' કરશે.

## શાપરમાં યુવકનું બેભાન હાલતમાં મોત, ઝેર પી આપઘાત કર્યાની આશંકા

### અલગ અલગ પાંચ સ્થળે પાંચ લોકોએ જવલનશીલ પ્રવાહી ગટગટાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા શાપર-વેરાવળમાં રહેતા યુવકનું બેભાન હાલત-માં મોત નિપજ્યું હતું. યુવાને ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધાની આશંકાએ મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. પીએમ રિપોર્ટ આપવ્યા બાદ યુવકના મોતનું કારણ જાણવા મળશે. તેવું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ, શાપર વેરાવળ શાંતિધામ વિસ્તારમાં રહેતાં અભય કિશોરભાઈ (ઉ.૨૦) પોતાના ઘરે હતો ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. મૃતક યુવાન બે ભાઈ બે બહેનમાં નાનો હતો અને બહારથી દવા પીને ઘેર આવી ઉલ્ટી કર્યા બાદ બેભાન હાલતમાં મોત નિપજ્યું હોવાની શંકાએ યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ યુવકના મોતનું કારણ જાણવા મળશે.

અન્ય બનાવમાં જુદા જુદા પાંચ સ્થળે સગીરા સહિત પાંચ લોકોએ જવલનશીલ પ્રવાહી પી લીધું છે. જેમાં પોપટપરામાં કૌશલબેન અમૃતભાઈ જોબનપુત્રા (ઉ.૧૪)એ એસિડ, ભીલવ-ાસમાં રહેતાં મિહીર પંકજભાઈ જારેરા (ઉ.૨૩) એ ફિનાઈલ, માલીયાસણમાં સારીકાબેન યાકુબભાઈ સૈયદ (ઉ.૨૭)એ ફિનાઈલ, રામનાથપરામાં અલી જમાલભાઈ સુમરા (ઉ.૪૦)એ ફિનાઈલ અને તંબા ગામે અમન જુમાભાઈ બ્લોચ (ઉ.૨૩) એ ફિનાઈલ ગટગટાવી લીધું હતું. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ગોંડલ પાલિકાનો ફાયર ઓફિસર ૫૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

### પેટ્રોલપંપનાં એનઓસી માટે લાંચ માંગી હતીઃ ભુણાવા ટોલનાકા પાસે એસીબીએ જાળ બિછાવી ઝડપી લીધો



**મુખ્ય સમાચાર, ગોંડલ**

એન્ટી કરપ્શન બ્યૂરોએ ગોંડલ નગરપાલિકાના સ્ટેશન ફાયર ઓફિસરને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડી મોટી કાર્યવાહી કરી છે. ભુણાવા ટોલનાકા પાસે એસીબીએ હોટલમાં રંગેહાથ ઝડપ્યો છે. આરોપીની પત્ની હેડ કોન્સ્ટેબલ છે. પેટ્રોલ પંપના એનઓસી મંજૂર કરવાના બદલામાં ૫૦,૦૦૦ રૂપિયાની માંગણી કરનાર અધિકારી સામે એસીબીએ જાળ બિછાવી હતી. નોંધનીય છે કે પકડાયેલા અધિકારીની પત્ની પોલીસ વિભાગમાં જ ફરજ બજાવે છે.

આ અંગેની વિગતો મુજબ, એક ફરિયાદીના ક્લાયન્ટના પેટ્રોલ પંપ માટે ૩ ફાયર એનઓસીની ફાઈલો મંજૂર કરાવવાની પ્રક્રિયા બાકી હતી. આ કામગીરી કરી આપવાના અવેજ પેટે ગોંડલ નગરપાલિકાના સ્ટેશન ફાયર ઓફિસર (વર્ગ-૩) સંજય વિરમભાઈ વાસાણીએ ૫૦,૦૦૦ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે રાજકોટ એસીબીનો સંપર્ક કરી સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે અઈઈની ટીમે રાજકોટ-જૂનાગઢ હાઈવે પર ભુણાવા ટોલનાકા પાસે આવેલી પજય ભવાની હોટલથ ખાતે છટકું ગોઠવ્યું હતું. આયોજન મુજબ, આરોપી સંજય વાસાણી લાંચની રકમ લેવા માટે હોટલ પર પહોંચ્યો હતો. પંચની હાજરીમાં ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કર્યા બાદ જેવી તેણે ૫૦,૦૦૦ રૂપિયાની રકમ સ્વીકારી, તેવી જ રીતે છુપાઈને ઉભેલી એસીબીની ટીમે તેને મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો. પકડાયેલા અધિકારી સંજય વાસાણીના પત્ની ગોંડલ મહિલા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હોવાનું સામે આવ્યું છે. એક જવાબદાર અધિકારી અને પોલીસ પરિવાર સાથે સંકળાયેલી વ્યક્તિ ભ્રષ્ટાચારના કેસમાં ઝડપાતા સમગ્ર પંથકમાં આ કિસ્સો ચર્ચાનો વિષય બન્યો છે. હાલમાં એસીબીએ આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરમાં ઠંડીની વચ્ચે વધુ ચાર લોકોના શ્વાસ થંભી ગયા

### નેપાળથી રાજકોટ આવતાં નાનાભાઈના હાર્ટએટેકના સમાચાર મળતા મોટાભાઈનું હૃદય બેસી ગયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કાલાવડ રોડ પર વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતાં રાજુ કૃષ્ણભાઈ ટમટા નામનો ૨૧ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવકનું હ્રદયરોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનું જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો. હતો. મૃતક યુવાન મુળ નેપાળનો વતની હતો અને ચાર ભાઈ બે બહેનમાં વચેટ હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક રાજુ ટમટાનો નાનો ભાઈ જોગીયા કૃષ્ણભાઈ ટમટા પોતાના વતન નેપાળમાં આંટો મારવા ગયો હતો અને તે નેપાળથી પરત રાજકોટ આવી રહ્યો હતો ત્યારે જયપુર પહોંચતાં તેને છાતીમાં દુખાવો ઉપડયો હતો. જ્યાં જયપુરની હોસ્પિટલમાં જોગીયા ટમેટાનું કહ્યરોગના હુમલાથી મોત નિપજ્યું હતું. નાના ભાઈના મોતના સમાચાર સાંભળી મોટાભાઈ રાજુ ટમટાનું હ્રદ્ય બેસી ગયું હોવાનું જાણવા મળ્યું છે.

બીજા બનાવમાં યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોકમાં રહેતા જગત પ્રેમસિંગ ઠાકુર નામનો ૪૪ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે હાર્ટએટેક આવતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેમનું મોત નિપજયું હતું.

ત્રીજા બનાવમાં ૪૦ ફુટ રોડ પર આવેલી જલારામ સોસાયટીમાં રહેતાં અને સરકારી સ્કૂલમાં પ્યુન તરીકે ફરજ બજાવતાં કિરીટભાઈ કુરજીભાઈ ચૌહાણ (ઉ.૫૯)ને હ્રદ્યરોગનો હુમલો આવતાં સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાયા હતાં. જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે મોત નિપજતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક તપાસમાં મૃતક કિરીટભાઈ ચૌહાણ ત્રણ ભાઈ ચાર બહેનમાં નાના હતાં અને તેમને સંતાનમાં બે પુત્ર છે.

ચોથા બનાવમાં રાજકોટની ભાગોળે આવેલા લીલી સાજડીયાળી ગામે રહેતાં ધીરૂભાઈ ગોવિંદભાઈ પાનસુરીયા નામના ૫૫ વર્ષના આધેડ બપોરના સમયે પોતાના ઘરે હતા ત્યારે બે ભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી ધીરૂભાઈ પાનસુરીયાનું હાર્ટએટેકથી મોત નિપજ્યાનું જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં ધીરૂભાઈ બે ભાઈ ત્રણ બહેનમાં મોટા હતાં અને તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સોનીબજારમાં વધુ એક વેપારીનું ૩૬.૫૧ લાખનું સોનું લઈ બંગાળી કારીગર થયો રફૂચક્કર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોની બજારમાં દાગીના બનાવવા માટે તેઓ પાસે આવે કે તરત વિશ્વાસ કેળવીને સોનું લઈને પલાયન થઈ જાય છે. વેપારીઓ વિશ્વાસે છેતરાયા રહે છે ને પોલીસ બજાર દરબાર ગઢ ચોકમાં રહેતા કલ્પેશભાઈ મથુરભાઈ કાતરીયા (ઉ.વ.૩૪)એ બંગાળી કારીગર અક્ષય બાઉડીનું નામ આપતા તેમની સામે ચોરી કરી હોવાની એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.કલ્પેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા ઘરે નીચેના ભાગે માણેક ગોલ્ડ કાસ્ટીંગ નામે કારખાને બેસી સોનાના દાગીના મજુર રાખી બનાવવાનુ કામ કરૂ છુ અને મારે ત્યાં દોડતી રહે તેવુ છે. ત્યારે રાજકોટમાં વધુ એક ઘટના સામે આવી છે. જેમાં રાજકોટ સોની ત્રણ મજુર કામ કરે છે. આજથી બારેક વર્ષ પહેલા હુ સુરત અમર જવેલર્સમા નોકરી કરતો હતો ત્યારે ત્યાં અક્ષય બાઉળી સાથે સંપર્ક થયેલ હતો બાદ હું છેલ્લા આઠ-નવ વર્ષથી મારા ઘર પાઉન્ડ ક્લોટમાં સોનાના દાગીના બેનોવવાન કામ કાજ કરે છુ અને તા.૧/૧૦ના રોજ આ અક્ષય બાઉળી મારા કારખાને આવેલ અને કામે રાખવાનુ કહેતા મે તેને કામે રાખેલ હતો અને તૈ રામનાથપરા શેરી નં.૧૪ મા રહેતો હતો. અને ગઈ તા.૦૪/૧૦ના રોજ રાબેતા મુજબ સવારના નવેક વાગ્યે મે મારા ઘરે નીચે મારું કારખાનુ ખોલેલ હતુ અને થોડીવારમાં મારા પત્નિ ત્રીગુણાએ મને ફોન કરી નાસ્તો કરવા બોલાવેલ અને હુ ઉપર નાસ્તો કરવા ગયેલ ત્યારે મારા ઘરની બેલ વાગતા મારા પત્નિ નીચે જઈ દરવાજો ખોલેલ અને ઉપર આવી મને વાત કરેલ કે નવો કારીગર અક્ષય બાઉળી આવેલ છે.

તેમ વાત કરેલ અને મને યાદ આવેલ કે મે કારખાનામાં તીજોરી ખોલેલ છે તેની ચાવી તીજોરીમાં જ રહી ગયેલ છે જેથી હુ તુરત જ નીચે મારા કારખાનામાં જતા ત્યા આ અક્ષય બાઉળી જોવામાં આવ્યો નહીં. ત્યાં તીજોરીમા જોતા આવેલ પ્યોર સોનુ વજન ૨૭૦.૨૮૦ ગ્રામ તથા અઢાર કેરેટ સોનાનો ભુકો વજન આશરે ૩૮.૭૪૦ ગ્રામનો જોવામા આવેલ નહી જેથી મે ઘરની જોવામાં આવેલ નહી અને મે તેના મોબાઇલ નંબર ઉપર ફોન કરતા તેના નંબર બંધ આવેલ જે થી તેના રામનાથપરા શેરી નં. ૧૪ મા જઈ તપાસ કરતા ત્યાં પણ મળી આવેલ નહીં. આ અક્ષય બાઉડી મારા કારખાનેથી વેપારીનુ કાઈન સોનું હાગીના બનાવવા આપેલ તે વજન ૨૭૦.૨૮૦ ગ્રામ જેની કી.રૂ. ફુલ્ડ, જય વજન આશરે ૩૮. ગ્રામ ૭૪૦ ભુકો ૩૮.૭૪૦ જેની કી રૂ ૩,૫૪, ૧૦૦/- એમ કુલ ૩૬,૫૧,૫૧૬/- ની થાય તે સોનાની ચોરી લઈ જતી એરિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## ટ્રકમાં વાયરની આડમાં ચોરખાનું બનાવી સંતાડેલો ૩.૮૯ લાખનો દારૂ ઝડપાયો

### ૧૫૬ બોટલ દારૂ અને ટ્રક મળી ૮.૯૪ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાની શખ્સની ધરપડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રીંગ રોડ પર લીજ્જત પાપડ પાસેથી પોલીસે બાતમીના આધારે વિદેશી દારૂ ભરેલા ટ્રક સાથે રાજસ્થાની શખ્સને ઝડપી લીધો હતો. ટ્રકમાં વાયરની આડમાં ચોર ખાનું બનાવી છુપાવેલો ૧૫૬ બોટલ દારૂ અને ટ્રૂક મળી કુલ રૂ.૮.૯૪ લાખનો મુદ્દામાલ કબજે કરી પોલીસે સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ વી.ડી.ડોડીયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ દિલીપ બોરીચા, દિપક ચૌહાણ, વિશાલ દવે સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન ગ્રીન લેન્ડ ચોકડી તરફથી ગોંડલ ચોકડી તરફ જતાં ટ્રૂકમાં વાયરની આડમાં ચોર ખાનું બનાવી વિદેશી દારૂ છુપાવ્યો હોવાની બાતમી મળતાં પોલીસે કોઠારીયા રીંગ રોડ પર લીજ્જત પાપડ સામે હાઈવે પર વોચ ગોઠવી હતી. દરમિયાન ત્યાંથી પસાર થતાં બાતમી મુજબના ટ્રકને અટકાવી તલાસી લેતાં ટ્રકમાં એસ.એસ.વાયરના બંડલ જવામાં આવેલા જેની નીચે ચોર ખાનુ બનાવેલું હોય જેમાં તપાસ કરતાં વિદેશી દારૂની અલગ અલગ કંપનીની બોટલ ન.૧૫૬ કિ.રૂ.૩,૮૯,૧૬૦ મળી આવતાં પોલીસે ટ્રક ચાલક ચંદનસિંહ નૈનુસિંહ રાવત (રહે.ખલીયા, રાજસ્થાન)ને ઝડપી લઈ ટ્રક અને દારૂ મળી કુલ રૂ.૮,૯૪,૧૬૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીની પુછપરછ હાથ ધરી હતી. જેમાં એરોપીએ આ દારૂનો જથ્થો રાજસ્થાનમાં અલ્વર હાઈવે પર આવેલા ઢાબા પરથી વિક્રમસિંહ હજારેસિંહ ચૌહાણએ ભરી આપ્યો હોવાનું અને રાજકોટ ગોંડલ હાઈવે તરફ લઈ જવાનું જણાવ્યું હોવાની કબુલાત આપતાં પોલીસે ટ્રક ડ્રાયવરની ધરપકડ કરી દારૂ મોકલનાર સપ્લાયરને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે

## રમતા રમતા પહેલા માળેથી પટકાયેલા પાંચ વર્ષના માસુમનું મોત

### પુત્રના મોતથી નેપાળી પરિવારમાં કરૂણ કલ્પાંત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી ગામે બાયાસિ-તારામ ચોક નજીક રહેતા પાંચ વર્ષનો બાળક મકાનના પહેલા માળેથી નીચે પટકાતા તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જયા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ અંગેની વિગતો મુજબ મવડીના બાયાસિતારામ ચોક પાસે આવેલી મોડી રાત્રે મકાનના પહેલા માળેથી નીચે પટકાતા તેમને સિવિલ સોસાયટીમાં રહેતા નેપાળ પરિવારના દિપેશ ખંખેન્દ્રભાઈ કડાયત નામના પાંચ વર્ષના બાળક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. દિપેશ એક બહેનનો એકનો ભાઈ હતો અને તેમના પિતા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. બાળકના મોતથી નેપાળી પરિવ-ારમાં ગમગીની છવાઇ જવા પામી છે. આ અંગે રાજકોટ તાલુકા પોલીસના સ્ટાફે કાગળો કર્યા હતા.

## લોધિકાના યુવાને વ્યાજે લીધેલા ૩.૫૦ લાખ ચૂકવી દીધા છ્તા વાહન-ઘરેણા પડાવી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઢોલરાના દવેરા બંધુ પાસેથી લોધિકાના શાકભાજીના ધંધાર્થી યુવાને ભાઈની સારવાર માટે રૂ.૩.૫૦ લાખ લીધા હતા જે પરત આપી દિધા છતાં વધું વ્યાજ પડાવવા પઠાણી ઉઘરાણી કરી, ઘરે જઈ ધમકી આપતાં શાપર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે મનીલેન્ડ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાવ અંગે લોધિકામાં શીતળા મંદીર, પાવર હાઉસની પાછળ, બહુચરાજી માતાના મંદીર પાસે રહેતાં ઈરફાનભાઈ નાથાભાઈ વિશાળ (ઉ.વ.૨૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ધર્મેન્દ્ર ઉર્ફે મુન્ના મધુ દવેરા (રહે. ઢોલરા, લોધીકા) અને દિનેશ મધુ દવેરા (રહે. શાપર-વેરાવળ) નું નામ આપ્યું યુવાને ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે શીતળા મંદિર પાવર હાઉસ પાસે છે.

શાકભાજીનો વેપાર કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. વર્ષ ૨૦૨૦ માં તેના નાનાભાઈ શાહરૂખનું પારડી નજીક અકસ્માત થયું હતું તેમાં ગંભીર ઇજાઓ થતા દવાખાનાનો ખર્ચ વધી ગયો હતો અને વર્ષ ૨૦૨૪ માં ભાઈ શાહરૂખનું રાજકોટ હોસ્પીટલમાં ઓપરેશન કરાવવાનું હોવાથી રૂપીયાની જરૂરીયાત ઉભી થતાં ઢોલરા ગામના ધર્મેન્દ્ર ઉર્ફે મુન્ના દવેરા પાસેથી કટકે કટકે કુલ રૂ. ૩.૫૦ લાખ વ્યાજે લીધેલ હતા.યુવાને તેમની પાસે રહેલ એક બુલેટ અને બે બાઈક મળી કુલ ત્રણ વાહન તથા બે જોડી સોનાની ભુટ્ટી સીક્યુરીટી પેટે આ ધર્મેન્દ્ર ઉર્ફે મુન્ના તથા તેનો સગો ભાઈ દીનેશ દવેરાને આપેલ હતા. બાદ તેઓ લોકોને દરરોજ રૂ. ૧૫૦૦ આરોપીના એકાઉન્ટમાં જમા કરાવતો હતો. તેમજ દર ગુરૂવારે તથા સોમવારે રૂ. ૫ હજાર રોકડા આ ધર્મેન્દ્રભાઈ દવેરાને આપતો હતો. રૂ. ૨.૮૦ લાખ ઓને આપી દીધેલ બાદ ધર્મેન્દ્રએ કહેલ કે, તને બે બાઈક પાછા આપી દઈશ, તુ મને બે કોરા ચેક સીક્યુરીટી પેટે આપી દે, જેથી તેને બે કોરા ચેક આપેલ પરંતુ આ ધર્મેન્દ્રએ બાઈક પાછા આપેલ નહી અને બહાના બતાવેલ હતાં.યુવાનને વ્યાજખોર બંધુને રૂ.૧૫ હજાર આપવાના બાકી રહેતા હતા, જેથી તા.૨૭/૦૩/૨૦૨૪ ના ધર્મેન્દ્રને વાત કરેલ કે, બાકીના ૧૫ હજાર હું તમને આપી દવ અને હીસાબ કરી વાહનો, બુટ્ટી તથા ચેક પાછા આપી દો તેમ વાત કરતા આરોપીએ ઢોલરા તેમના ઘરે બોલાવેલ જ્યા બંને ભાઈઓ હાજર હતા. જેથી તેમને રૂ.૧૫ હજાર આપેલ અને વસ્તુ પાછી આપવાનું કહેતા ધર્મેન્દ્રએ કહેલ કે, તે લીધેલ રૂપીયા હજુ ભરાણા નથી, તારે હજુ રૂપીયા આપવાના બાકી છે, આ તો ફક્ત વ્યાજ આપેલ છે તેમ કહી ગાળો આપેલ અને બંને શખ્સોએ લાકડી વડે મુંઢ મારમાર્યો હતો.